dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-307 | AD-2026, Ashadh Vad -0 | Wednesday, Dt. 12-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## વિપક્ષોના હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી સ્થગિત કરાઈ

# સંસદ પરિસરમાં એનડીએ-કોંગ્રેસના સાંસદોનો સામસામે સુત્રોચ્ચાર

નવી દિલ્હી, તા. ૧૧

સંસદ પરિસરમાં મંગળવારે NDA અને કોંગ્રેસના સાંસદો સામ-સામે આવી ગયા હતા. બંને પક્ષો દ્વારા એકબીજા વિરુધ્ધ સૂત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન કરવામાં આવતા સંસદ પરિસરનું વાતાવરણ ગરમાયું હતું. NDA સાંસદોએ વિપક્ષ પર સંસદમાં ચર્ચાથી ભાગવાનો આરોપ લગાવ્યો હતો, જ્યારે કોંગ્રેસના સાંસદોએ ગૃહમંત્રી અમિત શાહ વિરુધ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.NDA સાંસદોએ મંગળવારે વિપક્ષ સામે સંસદ પરિસરમાં વિરોધ માર્ચ યોજી હતી. સાંસદો હાથમાં પોસ્ટર લઈને પહોંચ્યા હતા. પોસ્ટરમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર દિલ્હીમાં વિદ્યાર્થી પ્રદર્શનના મુદ્દે સંસદમાં ચર્ચાથી ભાગવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઝારખંડમાં સોમવારે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જને લઈને પણ રાહુલ ગાંધીના મૌન પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. આ દરમિયાન કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી અને ભાજપના સાંસદ મુકેશ દલાલ પણ સામ-સામે આવી ગયા હતા. પ્રિયંકા ગાંધી સંસદ પરિસરમાં પોતાની ગાડીમાંથી ઉતર્યા ત્યારે ભાજપના કેટલાક સાંસદોએ રાહુલ ગાંધી વિરુધ્ધ નારા લગાવ્યા હતા.


### કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાવાળું બિલ લોકસભામાં પાસ


આ બિલ સોમવારે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં રજૂ કર્યું હતું. કેરળ સરકારે જૂન ૨૦૨૪માં વિધાનસભામાંથી પસાર થયેલું નામ બદલવાનો પ્રસ્તાવ કેન્દ્રને મોકલ્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રપતિએ રાજ્ય વિધાનસભા પાસેથી બિલ પર અભિપ્રાય માંગ્યો હતો, જેના પર વિધાનસભાએ સર્વસંમતિથી નામ બદલવાના સમર્થનમાં પ્રસ્તાવ પસાર કર્યો હતો.










# વિશ્વ સિંહ દિવસ નિમિત્તે ગજેરા કેમ્પસ ખાતે જાગૃતિ રેલી અને સિંહ સંરક્ષણ પ્રતિજ્ઞા લેવાઈ

અમરેલી,તા.૧૧

અમરેલી ખાતે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે ગજેરા કેમ્પસ સંચાલિત વિદ્યાસભા પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને જ્ઞાનશક્તિ સ્કૂલ ખાતે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ એશિયાટિક સિંહોના સંરક્ષણ, વન્યજીવોના રક્ષણ અને પર્યાવરણ જાળવણી અંગે પ્રતિજ્ઞા લીધી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા જાગૃતિ રેલી યોજાઈ હતી, જેમાં સિંહ સંરક્ષણ અને વન્યજીવ બચાવવાના સંદેશ સાથે વિવિધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓને વનરાજ અને પ્રકૃતિ સંરક્ષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ તથા મનસુખભાઈ ધાનાણીએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.




# જાફરાબાદના કાગવદર નજીક ટ્રાન્સફોર્મર પર ચડેલા દીપડાનું કરંટ લાગવાથી મોત

જાફરાબાદ,તા.૧૧

જાફરાબાદ તાલુકાના કાગવદર ગામ નજીક માણસુરભાઈ વાઘની વાડી વિસ્તારમાં કરંટ લાગવાથી એક દીપડાનું મોત થયું હતું. મળતી માહિતી મુજબ દીપડો શિકારની શોધમાં PGVCLના ટ્રાન્સફોર્મર પર ચડ્યો હતો. આ દરમિયાન તેને અચાનક વીજ કરંટ લાગતા ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હતું. આસપાસના ખેડૂતોની નજર દીપડા પર પડતા તેમણે તાત્કાલિક જાફરાબાદ વનવિભાગને જાણ કરી હતી. જાણ થતાં વનવિભાગ ફોરેસ્ટ ગાર્ડ ટ્રેકર્સ ટીમ તેમજ PGVCLની ટીમ સ્થળ પર પહોંચી હતી. બંને વિભાગની સંયુક્ત ટીમે જરૂરી કાર્યવાહી કરી ટ્રાન્સફોર્મર પરથી દીપડાનો મૃતદેહ નીચે ઉતાર્યો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. વનવિભાગ દ્વારા સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



તસવીર : બાબુભાઈ વાઢેળ

# રાજુલા પોલીસ સ્ટેશનનો નાસતો ફરતો પોક્સોનો આરોપી ઝડપાયો

અમરેલી, તા. ૧૧

રાજુલાના પી.આઈ વિજય કોલાદરાની રાહબરી હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનમાં પોક્સો ગુનાનો આરોપી છેલ્લા ઘણા સમયથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો જેથી રાજુલા પોલીસે ટેકનીકલ તથા હ્યુમન સોર્સના આધારે આરોપી વિજય રાઘવ મકવાણા રહે. કોટડી તા.રાજુલાવાળાને ઝડપી પાડી જેલ હવાલે કર્યો હતો.



# અમરેલીમાં સ્વાતંત્ર્ય પર્વને લઈ પાલિકા દ્વારા સઘન સફાઈ ઝુંબેશ

અમરેલી,તા.૧૧

અમરેલી ખાતે યોજાનારા ૮૦મા રાજ્યકક્ષાનાભવ્ય સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને અનુલક્ષીને અમરેલી નગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના આશયથી વિવિધ વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નગરપાલિકાની સફાઈ ટીમો દ્વારા ચિતલ રોડ, લાઠી રોડ, જિલ્લા પંચાયત રોડ, સાવરકુંડલા રોડ અને ચક્કરગઢ રોડ સહિતના મુખ્ય માર્ગો અને આસપાસના વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન રસ્તાઓની આજુબાજુ અને જાહેર સ્થળો પર પડેલો પ્લાસ્ટિક કચરો, સી.એન્ડ ડી. વેસ્ટ, નકામા ઝાડી-ઝાંખરા તેમજ રસ્તા પર જામી ગયેલી રેતી-માટી એકત્ર કરવામાં આવી હતી. એકત્ર કરાયેલા કચરાને નગરપાલિકાના વાહનો મારફતે સત્તાવાર ડમ્પ સાઈટ ખાતે લઈ જઈ નિકાલ કરવામાં આવ્યો હતો.



# વીજપડી હાઈવે પર ખેતરથી બાથરૂમ માટે ગયેલી પરિણીતા થઈ લાપતા

**ઘટનાની જાણ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી**

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલામાં વીજપડી હાઈવે પર ખેતરથી બાથરૂમ માટે ગયેલી પરિણીતા લાપતા બની હતી. પ્રફુલભાઈ શામજીભાઈ બાંભણીયા (ઉ.વ.૨૪)એ જાહેર કર્યા મુજબ સંગીતાબેન શામજીભાઈ બાંભણીયા (ઉ.વ.૨૬) વીજપડી-સાવરકુંડલા હાઈવે રોડ પર રમેશભાઈ કાનાભાઈ ઢાંકેચાના ખેતરની વાડમાં બાથરૂમ માટે ગઈ હતી. ત્યાંથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ પી એ ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# કોટડાપીઠા ખાતે આજે પ્રાઈવેટ કંપનીઓની વીજ લાઈન મુદ્દે ખેડૂતોની મહત્ત્વપૂર્ણ બેઠક

**મોરબીના જેતપર ખાતે આવેલી 'સત્યાગ્રહ છાવણી સમિતિ'ના સભ્યો ઉપસ્થિત રહેશે**

કોટડાપીઠા,તા.૧૧

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલી શ્રીજી ઓઈલ મીલની સામે આજે બુધવારે ખેડૂતો-ખાતેદારોની એક મહત્ત્વપૂર્ણ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાઈવેટ કંપનીઓ દ્વારા નાખવામાં આવી રહેલી હાઈ વોલ્ટેજ વીજ લાઈનના પ્રશ્ને આગળની રણનીતિ અને ચર્ચા-વિચારણા કરવા માટે આ બેઠક બોલાવવામાં આવી છે. આ મીટિંગમાં કોટડાપીઠા સહિત આસપાસના જંગવડ, વાવડા, ખાનપર, કલોરાણા, ઉંટવડ, કરણકી, ગુંદાળા, જસાપર, પાંચવડા, જીવાપર, પાનસડા, રાયપર, ગરણી, ગોખલાણા અને નવાણીયા જેવા વિવિધ ગામોના ખેડૂતો જોડાશે. આ ઉપરાંત, આ બેઠકમાં મોરબીના જેતપર ખાતે આવેલી 'સત્યાગ્રહ છાવણી સમિતિ'ના ખાસ મહેમાનો પણ વિશેષ ઉપસ્થિત રહેશે.

# ધારી કોર્ટ પાસે પ્રૌઢને આડેધડ ઢીકાપાટુ માર્યા

ધારી, તા.૧૧

ધારી કોર્ટ પાસે પ્રૌઢને આડેધડ ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા. બનાવ અંગે ચલાલામાં રહેતા બાવભાઈ વાલાભાઈ રાઠોડે હાર્દીકભાઈ નારણભાઈ ખેતરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ કુટુંબી કેસની મુદતે ધારી કોર્ટમાં આવ્યા હતા. મુદત પુરી કર્યા બાદ કોર્ટ બહાર આવેલી ચા-પાણીની દુકાન પાસે ઉભા હતા ત્યારે આરોપીએ તેમને ગાળો આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપીને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ૧૫ ઓગસ્ટે ૬૬ વિકાસ કામોનું લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરાશે

**તિરંગા યાત્રા, બાઈક રેલી, સાયકલ રેલી અને અન્ય કાર્યક્રમો પણ યોજાશે**

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં યોજાનારા ૮૦મા રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. ૧૫ ઓગસ્ટે સવારે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રીના હસ્તે ધ્વજવંદન સમારોહ યોજાશે. કાર્યક્રમમાં હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા, પોલીસ બેન્ડ, સાંસ્કૃતિક કાર્યક્રમ, મોટરસાઈકલ સ્ટંટ, ડોગ શો અને અશ્વ શો મુખ્ય આકર્ષણ રહેશે. વરસાદને ધ્યાનમાં રાખી વૈકલ્પિક સમયપત્રક પણ તૈયાર કરાયું છે. જિલ્લામાં કુલ રૂ. ૪૦૩.૨૧ કરોડના ખર્ચે ૬૬ વિકાસ કામોનું લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત થશે. તિરંગા યાત્રા, બાઈક રેલી, સાયકલ રેલી અને અન્ય કાર્યક્રમો પણ યોજાશે. શહેરમાં સફાઈ, રોશની, પાર્કિંગ, આરોગ્ય અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી

અમરેલી,તા.૧૧


ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામમાં વિશ્વ સિંહ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, સંસ્કૃત શક્તિ ગુરુકુળ, રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ તથા હરિબા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. વિદ્યાર્થીઓએ સિંહોના માસ્ક પહેરી ભવ્ય જાગૃતિ રેલી યોજી હતી. રેલી દરમિયાન "સિંહ બચાવો, જંગલ બચાવો" અને "સિંહ રહેશે તો ગીરની શાન રહેશે" જેવા નારા લગાવી એશિયાઈ સિંહોના સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. પ.પૂ. સંત ડૉ. રતિદાદાના આશીર્વાદથી યોજાયેલી રેલી લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે સિંહ ગુજરાતની ઓળખ સાથે અમૂલ્ય કુદરતી ધરોહર પણ છે. બાળકોમાં નાનપણથી જ વન્યજીવો અને પર્યાવરણ પ્રત્યે પ્રેમ તથા સંરક્ષણની ભાવના કેળવવી જરૂરી છે. કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેક્ટર શીતલબેન મહેતા સહિત સ્ટાફે મહેનત કરી હતી.




# અમરેલીની યુ.બી.ભગત સાયન્સ મહિલા કોલેજનું B.Sc.(MB) સેમ.-૬માં ૯૭% પરિણામ

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચૅરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે આવેલી યુ. બી. ભગત સાયન્સ મહિલા કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું B.Sc.(MB) સેમ.-૬નું યુનિવર્સિટી પરિણામ ૯૭% આવ્યું છે. આ પરિણામમાં કોલેજના તમામ સફળ વિદ્યાર્થીઓએ ૧૦૦% ડિસ્ટિંક્શન પ્રાપ્ત કરીને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. કોલેજના પરિણામમાં કુનાટીયા જાન્વી જે. ૮૮.૩૬% મેળવીને કોલેજ ફર્સ્ટ, વઘાસીયા દ્રષ્ટિ વાય. ૮૫.૦૯% સાથે કોલેજ સેકન્ડ અને જોષી મહેક સી. ૮૪.૩૬% મેળવીને કોલેજમાં થર્ડ સ્થાને રહ્યા છે. આ ઝળહળતી સફળતા બદલ સંસ્થા, ટ્રસ્ટ અને કોલેજ પરિવાર તરફથી તમામ સ્ટાફ, સ્ટુડન્ટ્સ અને રેન્કર્સને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.




Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
LIMITED TIME
CASH DISCOUNT OFFER




VISIT SHOWROOM TODAY
*T&C Apply
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.


સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# અમરેલીમાં રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વને લઈ રખડતા ઢોર પકડવાની ઝુંબેશ શરૂ

અમરેલી,તા.૧૧

અમરેલી ખાતે રાજ્યકક્ષાના ભવ્ય સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થનાર હોય જેના ભાગરૂપે અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા, સુંદરતા અને જાહેર માર્ગો પર સલામતી જળવાઈ રહે તે માટે વિવિધ તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત નગરપાલિકાની ટીમ દ્વારા



શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો તેમજ સત્તાવાર કાર્યક્રમના રૂટ પર રખડતા ઢોર પકડવાની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. કામગીરી દરમિયાન અત્યાર સુધીમાં આશરે ૭૬ જેટલા રખડતા ઢોર પકડી પાડી સુરક્ષિત રીતે સ્થાનિક પાંજરાપોળ ખાતે જમા કરાવવામાં આવ્યા છે. સ્વાતંત્ર્ય પર્વ દરમિયાન શહેરમાં આવતા મહાનુભાવો, અધિકારીઓ અને નાગરિકોને અવરજવરમાં અગવડ ન પડે તેમજ ટ્રાફિક અને જાહેર સલામતી જળવાઈ રહે તે માટે આ કામગીરી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

# લાઠીમાં SOGની કાર્યવાહી, ૧૯ કિલો શંકાસ્પદ એનાલોગ પનીર ઝડપાયું

અમરેલી,તા.૧૧

અમરેલી SOG ટીમે લાઠી શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં કાર્યવાહી કરી બે ડેરી પ્રોડક્ટની દુકાનોમાંથી કુલ ૧૯ કિલો શંકાસ્પદ એનાલોગ પનીરનો જથ્થો ઝડપી પાડ્યો છે. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સુચના અને માર્ગદર્શન હેઠળ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ તેમજ શંકાસ્પદ





દૂધજન્ય પદાર્થોના વેચાણ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. મળેલી બાતમીના આધારે SOG ટીમે ફૂડ એન્ડ સેફ્ટી ઓફિસર સાથે લાઠીની ચામુંડા કોલ્ડ્રિંક્સ ડેરી ફાર્મ એન્ડ કેક શોપ સહિત બે દુકાનોમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બંને દુકાનોમાંથી ૧૯ કિલો એનાલોગ પનીર મળી આવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા એનાલોગ પનીરના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ મુકાયો છે. આ મામલે મુકેશભાઈ વલ્લભભાઈ મકવાણા અને કેશુભાઈ વલ્લભભાઈ મકવાણા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સાવરકુંડલાના પીઠવડી ગામની સીમમાંથી સગીરાનું અપહરણ

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલાના પીઠવડી ગામની સીમમાંથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ થયું હતું. આ અંગે સગીરાના માતાએ મૂળ મધ્ય પ્રદેશના રાનાપુર તાલુકાના માતાસુલા ગામના દશરથ વસુનિયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની સગીર વયની દીકરીને લલચાવી ફોસલાની લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે તેમના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો.

## જિલ્લામાંથી ૧૦ ઈસમો કેફી પીણું પીધેલ હાલતમાં મળી આવ્યાં

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૦ ઈસમો કેફી પીણું પીયને ફરતા મળી આવ્યા હતા. બગસરા અટલજી સર્કલ પાસેથી એક યુવક ૨ લીટર તથા ડેડાણ ગામે પશુ દવાખાના વિસ્તારમાંથી એક યુવક ૪ લીટર દેશી દારૂ સાથે પકડાયો હતો. તમામ સામે પ્રોહીબીશન અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી.

# ચિતલ ખાતે અમરેલી તાલુકા પોલીસ દ્વારા તિરંગા યાત્રા યોજાઈ

અમરેલી,તા.૧૧

આગામી ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અમરેલી જિલ્લામાં યોજાનાર હોય, તેના ભાગરૂપે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા સ્વામિનારાયણ ગુરુકુળથી 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા ગુરુકુળથી પ્રસ્થાન થઈને ચિત્તલના જાહેર માર્ગો પર



ફરીને પુનઃ ગુરુકુળ ખાતે પૂર્ણ થઈ હતી, જ્યાં 'વંદે માતરમ' અને 'જય જવાન જય કિસાન'ના નારા સાથે દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. આ તિરંગા યાત્રામાં તાલુકા PI ઓ. કે. જાડેજા, D. S. ઈસરાણી, PSI D. D. ડાંગર, PSI I. K. પાંડવ સહિત તાલુકા અને ચિત્તલ OPનો સ્ટાફ તથા હોમગાર્ડ્સના જવાનો જોડાયા હતા. આ ઉપરાંત, ચિત્તલ વેપારી મંડળ, લાતીબજાર એસોસિએશનના આગેવાનો, સ્થાનિક અગ્રણીઓ, ગુરુકુળના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં બદકામના ઈરાદે સગીરાના અપહરણની ફરિયાદ

અમરેલી, તા.૧૧

અમરેલીમાં દાહોદના યુવક સામે સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. સગીરાના પિતાએ દાહોદના ગરબાડા તાલુકાના ખાટીયા ફળીયું, ગુલબાર ગામના પ્રિંયાક ઉર્ફે ગોવિંદ ઉર્ફે પીન્ટુ કલજીભાઈ મેડા સામે તેમની સગીર પુત્રીને લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલી પણામાંથી અપહરણ કરીને લઈ ગયાની ફરિયાદ નોંધાવી હતી.

## વીજપડી ગામે આવેલા હેલીપેડ પાસેથી છ જુગારી ઝબ્બે

સાવરકુંડલા, તા.૧૧

વીજપડી ગામે આવેલ હેલીપેડ પાસેથી પોલીસે છ જુગારીને ઝડપી પાડ્યા હતા. જયસુખભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણ, ગોપાલભાઈ ભરતભાઈ નોથા, રમેશભાઈ નાથાભાઈ ચૌહાણ, વિક્રમભાઈ મધુભાઈ ચૌહાણ, પ્રતાપભાઈ લાભુભાઈ સોલંકી,તથા શૈલેષભાઈ કનુભાઈ વળાયા જાહેરમાં પૈસા તથા ગંજીપત્તાના પાના વડે તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૨૦૦ સાથે ઝડપાયા હતા.

# લાઠીના હાવતડ ગામે વૃધ્ધાનું ગળું દબાવી સોનાના બુટીયાં ચોરી ફરાર

લાઠી, તા.૧૧

લાઠીના હાવતડ ગામે વૃધ્ધાનું ગળું દબાવી સોનાના બુટીયાં ચોરી ફરાર થઈ ગયો હતો. ઉપરાંત જાનથી મારવાની પણ ધમકી આપી હતી. આ અંગે શાંતુબેન કાનજીભાઈ કેવડીયા (ઉ.વ.૮૦)એ તેમના જ ગામના મીત જસવંતભાઈ દેવાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમના ઘરની દીવાલ કૂદી ઘરમાં આવ્યો હતો. જે બાદ તેમને છાતીના ભાગે ઢીકો મારી, પછાડી દઈ તેમની ઉપર બેસી ગળું દબાવી ઈજા કરી હતી. તેમજ કાનમાં પહેરેલા સોનાની સરવાળા બન્ને બુટીયાં લુંટી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયો હતો. આ બુટીયાંની કિંમત એક લાખ રૂપિયા જાહેર થઈ હતી.

# રાજુલાના ખેરા ગામે યુવકે દુપટ્ટા વડે ગળાફાંસો ખાધો

રાજુલા, તા.૧૧

રાજુલાના ખેરા ગામે એક યુવકે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ગોપાલભાઈ દાહાભાઈ ગુજરીયા (ઉ.વ.૧૮)એ મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં જાહેર કર્યા મુજબ, મહેશભાઈ જેરામભાઈ ગુજરીયા (ઉ.વ.૨૭)એ દુપટ્ટા વડે ગળાફાંસો ખાતાં તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે હેડ કોન્સ્ટેબલ પી.વી. પંડ્યા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બાબરાના કલોરાણા ગામે સગીરાએ ઝેરી પાવડર પીધો

બાબરા, તા.૧૧

બાબરા તાલુકાના કલોરાણા ગામે એક સગીરાએ ઝેરી પાવડર પી લેતાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, સગીરા કોઈ યુવક સાથે ફોન પર વાત કરી હતી. વાતચીત દરમિયાન બંને વચ્ચે કોઈ કારણોસર મનદુઃખ અને અણબનાવ થયો હતો. આ દરમિયાન યુવકે દવા પી જવાનું કહેતા, સગીરાને લાગી આવ્યું હતું અને તેણે આવેશમાં આવીને પોતાના ઘરે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર ગટગટાવી લીધો હતો. બનાવની જાણ થતાં જ પરિવારજનો દ્વારા સગીરાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ ઘટનાની જાણ બાબરા પોલીસને કરવામાં આવતા બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે સી સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.









# લીલીયામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી



લીલીયા,તા.૧૧

લીલીયામાં વન વિભાગ અને શૈક્ષણિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે વિશ્વ સિંહ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. અમૃતબા વિદ્યાલય ખાતે વિવિધ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ એકઠા થયા હતા. આચાર્ય હસમુખભાઈ કરડે મહેમાનોનું શાબ્દિક સન્માન કર્યું હતું. પર્યાવરણ પ્રેમી મનોજભાઈ જોષીએ સિંહનું મહત્વ સમજાવ્યું હતું. બાદમાં વિદ્યાર્થીઓને સિંહ સંવર્ધન અને સુરક્ષાની પ્રતિજ્ઞા લેવડાવાઈ હતી. સિંહ બચાવો, ગીર બચાવોના નારા સાથે રેલી યોજાઈ હતી. રેલીમાં વિદ્યાર્થીઓ, સ્ટાફ અને વન કર્મીઓ જોડાયા હતા.






-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૧૬/૨૦૨૬
જન્મ તારીખ: ૦૧/૦૧/૧૯૭૫

સોલંકી લાલજીભાઈ દેવાભાઈ
રહે. કોટડા, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત વેલણ**, તા.કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોલંકી લાલજીભાઈ દેવાભાઈ, રહે.કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી દેવાભાઈ પુંજાભાઈ સોલંકી તથા પુંજીબેન દેવાભાઈ સોલંકી ના પુત્ર **સોલંકી લાલજીભાઇ દેવાભાઇનો જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૭૫** ના રોજ કોડીનાર તાલુકાના **કોટડા** મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **દિન-૩૦માં** કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૦/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૬૯/૨૦૨૬
જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૮૯

શ્રી મોહનભાઈ ભગવાનભાઈ બામણીયા
રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત વેલણ**, તા.કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મોહનભાઈ ભગવાનભાઈ બામણીયા, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મોહનભાઈ ભગવાનભાઈ બામણીયા તથા ગંગાબેન મોહનભાઈ બામણીયા ના પુત્રી **ગાયત્રીબેન મોહનભાઈ બામણીયાનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૯** ના રોજ કોડીનાર તાલુકાના **કોટડા** મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **દિન-૩૦માં** કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૪/૦૮/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૬૮/૨૦૨૬
જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૮૫

શ્રી રામાભાઈ કચરાભાઈ વંશ
રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત વેલણ**, તા.કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રામાભાઈ કચરાભાઈ વંશ, રહે. વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રામાભાઈ કચરાભાઈ વંશ તથા રાણીબેન રામાભાઈ વંશ ના પુત્ર **ભીખાભાઈ રામાભાઈ વંશનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૫** ના રોજ કોડીનાર તાલુકાના **વેલણ** મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **દિન-૩૦માં** કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૪/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તંત્રી લેખ**

# ગ્રાહક સુરક્ષાના ન્યાયમાં વિલંબ:ગ્રાહક સાથે અન્યાય

ગ્રાહકને બજારમાંથી વસ્તુ ખરીદતી વખતે કે કોઈ સેવા લેતી વખતે માત્ર પૈસા ચૂકવવાનો અધિકાર નથી, પરંતુ તેને ગુણવત્તાયુક્ત વસ્તુ, યોગ્ય સેવા, પારદર્શક માહિતી અને ખામી સામે ઝડપી ન્યાય મેળવવાનો પણ અધિકાર છે. આ હેતુથી દેશમાં ગ્રાહક વિવાદ નિવારણ માટે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ગ્રાહક કમિશનોની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. પરંતુ ગ્રાહકને સસ્તો, સરળ અને ઝડપી ન્યાય આપવાના આ મૂળ હેતુ સામે કેસોના વધતા ભરાવા અને ધીમા નિકાલનો પ્રશ્ન ગંભીર બની રહ્યો છે.

વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરના ગ્રાહક પંચોમાં ૧.૧૪ લાખથી વધુ નવા કેસ નોંધાયા હતા. તેમાંથી ૮૫,૬૦૩ કેસનો નિકાલ થયો હતો અને નિકાલનો દર ૭૪.૫ ટકા હતો. હવે આ નિકાલનો દર ઘટીને આશરે ૩૦ ટકા સુધી પહોંચ્યો હોવાનો મુદ્દો ચિંતાજનક છે. આ ઘટાડો માત્ર આંકડાકીય બાબત નથી; તેની સીધી અસર એવા સામાન્ય ગ્રાહક પર પડે છે જે પોતાની મહેનતની કમાણી, બચત અથવા જીવનભરની મૂડી સાથે જોડાયેલા વિવાદમાં ન્યાય મેળવવા ગ્રાહક પંચનો દરવાજો ખખડાવે છે.

ગ્રાહક પંચની વ્યવસ્થા સામાન્ય અદાલતોની સરખામણીએ સરળ અને ઓછા ખર્ચે ન્યાય આપવા માટે બનાવવામાં આવી હતી. પરંતુ જો ફરિયાદ કર્યા પછી વર્ષો સુધી સુનાવણી ચાલતી રહે, તારીખ પર તારીખ મળતી રહે અને અંતિમ નિર્ણયમાં લાંબો સમય લાગે તો સામાન્ય માણસ માટે આ વ્યવસ્થાનો મૂળ હેતુ જ નબળો પડી જાય છે. ખાસ કરીને વીમા, બેન્કિંગ, હોસ્પિટલ, રિયલ એસ્ટેટ, ઈ-કોમર્સ, ટેલિકોમ, વાહન, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય સેવાઓ સંબંધિત ફરિયાદોમાં ગ્રાહકનો સમય અને નાણાં બંને અટવાઈ શકે છે.

ભારત સરકારે ગ્રાહક સુરક્ષાને મજબૂત બનાવવા માટે ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ અમલમાં મૂક્યો છે. આ કાયદામાં ઓનલાઈન ફરિયાદ દાખલ કરવાની સુવિધા, વર્ચ્યુઅલ સુનાવણી, પ્રોડક્ટ લાયબિલિટી, ભ્રામક જાહેરાતો સામે કાર્યવાહી અને ઈ-કોમર્સ સંબંધિત અન્ય જોગવાઈઓનો સમાવેશ થાય છે. કાયદો ગ્રાહક જ્યાં રહે છે અથવા કામ કરે છે ત્યાંની સંબંધિત ગ્રાહક કમિશનમાં ઓનલાઈન ફરિયાદ કરવાની સુવિધા પણ આપે છે. ફરિયાદની સ્વીકાર્યતા અંગે ૨૧ દિવસમાં નિર્ણય ન થાય તો તેને સ્વીકાર્ય ગણવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

ગ્રાહકોએ પણ પોતાના અધિકારો અંગે જાગૃત થવું પડશે. ખરીદીના બિલ, વોરંટી, ગેરંટી, ઈ-મેઈલ, મેસેજ, કરાર, ચુકવણીની રસીદ અને કંપની સાથે થયેલા સંવાદના પુરાવા સાચવી રાખવા જોઈએ. કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે પહેલા વેપારી કે સેવા આપનાર સંસ્થાને લેખિત ફરિયાદ કરવી અને ઉકેલ ન મળે તો યોગ્ય ગ્રાહક ફરિયાદ વ્યવસ્થાનો ઉપયોગ કરવો જોઈએ. કેન્દ્ર સરકારની નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન દ્વારા પણ ફરિયાદ નોંધાવવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

અંતે એક વાત સ્પષ્ટ છે કે ગ્રાહકને મળતો ન્યાય માત્ર વ્યક્તિગત વિવાદનો ઉકેલ નથી. ઝડપી ગ્રાહક ન્યાય સમગ્ર બજારને શિસ્તબધ્ધ કરે છે. જ્યારે કંપનીને ખબર હોય કે ખામીયુક્ત વસ્તુ કે નબળી સેવા બદલ ગ્રાહકને ઝડપી ન્યાય મળશે, ત્યારે ગુણવત્તા જાળવવાનું દબાણ વધે છે. તેથી ૭૪.૫ ટકાથી ૩૦ ટકા સુધી નિકાલ દર ઘટ્યો હોવાનો સંકેત હોય તો તેને માત્ર એક આંકડો ગણીને અવગણવો ન જોઈએ. ગ્રાહક કમિશનોની કાર્યક્ષમતા વધારવી, ખાલી જગ્યાઓ ભરવી, ડિજિટલ વ્યવસ્થા મજબૂત કરવી, મધ્યસ્થીને પ્રોત્સાહન આપવું અને દરેક કેસની સમયમર્યાદા નક્કી કરવી હવે સમયની માંગ છે. ગ્રાહકને ન્યાય મોડો મળે તો તે ઘણી વખત ન્યાય સમાન રહેતો નથી; ઝડપી ગ્રાહક ન્યાય જ વિશ્વાસપાત્ર અને જવાબદાર બજારની સાચી ઓળખ બની શકે.

# પત્નીએ રીસામણેથી આવવાની ના પાડતાં યુવકે ખાંભા-પીપળવા રોડ પર ફિનાઈલ ગટગટાવ્યું

**દવા પી જા તો પણ નહી આવું તેવું પત્નીએ કહ્યું હતું**

ખાંભા, તા.૧૧

પત્ની સાથેના અણબનાવ અને કૌટુંબિક કલેશથી કંટાળીને એક યુવકે ફીનાઈલ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યાનો બનાવ સામે આવ્યો હતો. મળતી વિગતો મુજબ, મુકેશભાઈ દામજીભાઈ પરમાર નામના યુવકના લગ્ન આશરે નવ વર્ષ પહેલાં થયા હતા. છેલ્લા પાંચેક મહિનાથી તેની પત્ની મનદુઃખના કારણે રિસાઈને માવતરે જતી રહી હતી. યુવક પોતાની પત્નીને લેવા માટે ગયો હોવા છતાં સાસુ-સસરા તેને મોકલવા તૈયાર ન હતા. આ બાબતે કોઈ પણ પ્રકારનું સમાધાન ન થતાં યુવક માનસિક તણાવમાં હતો. ગત તા. ૯ ઓગસ્ટના રોજ મુકેશે તેની પત્નીને ફોન કરીને ઘરે પાછા ફરી સમાધાન કરી લેવા વિનંતી કરી હતી, અને જો તે પાછી નહીં આવે તો દવા પી લેવાની ચીમકી આપી હતી. સામે પક્ષે પત્નીએ ‘દવા પી જા તો પણ હું નહીં આવું’ તેમ કહેતા યુવકને અત્યંત લાગી આવ્યું હતું. જ બાદ યુવક પોતાના ઘરેથી નીકળી ખાંભા-પીપળવા રોડ પર આવેલા પુલ પર પહોંચ્યો હતો, જ્યાં તેણે ફીનાઈલ પી લીધું હતું.

યુવકની હાલત બગડતાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.પી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં યુવકને શેરીમાંથી નીકળવાનું નહીં કહીને ધમકી આપી

અમરેલી, તા.૧૧

અમરેલીમાં એક યુવકને શેરીમાંથી નાકળવાનું નહીં કહીને ગાળો બાલી, ધમકી આપવામાં આવી હતી. આ અંગે દિલીપભાઈ મીઠાભાઈ મકવાણા (ઉ.વ.૩૪ )એ પારૂલબેન સોલંકી, હરેશભાઈ સોલંકી, વિનુભાઈ મિસ્ત્રી તથા રાજ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની મોટર સાયકલ ચલાવી અમરેલી જેસીંગપરા શેરી નં.પમાં પારૂલબેન સોલંકીના ઘર પાસેથી નીકળ્યા ત્યારે આરોપીઓએ તેમને ઉભા રખાવ્યા હતા. આ શેરીમાંથી નીકળવાનુ નહી તેમ કહી જેમફાવે તેમ ભુંડી ગાળો આપી હતી. હરેશભાઈ,વિનુભાઈ તથા રાજભાઈ આ ત્રણેયે લાકડી વડે તેમને માર મારી ડાબા હાથે વચલી આંગળીએ તથા કાંડાની ઉપરના ભાગે ઈજા કરી લોહી કાઢ્યું હતું. તેમજ પારૂલબેને ભુંડી ગાળો આપી હતી. ચારેયે જણાએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાનું સન્માન



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલા શહેરના વિકાસ માટે સતત સેવાભાવી કામગીરી અને નેતૃત્વ બદલ સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ નયનાબેન અતુલભાઈ કાપડિયાનું લેઉવા હાલારી કણબી પટેલ જ્ઞાતિ વાડી ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. નગરપાલિકા પ્રમુખ તરીકે તેમની સતત સેવા, વિકાસલક્ષી કામગીરી અને સમાજ પ્રત્યેના યોગદાનને બિરદાવી તેમને ‘પટેલ સમાજનું ગૌરવ’ તરીકે સન્માનપત્ર અર્પણ કરાયું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ, આગેવાનો અને ટ્રસ્ટીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં વિદ્યાર્થિનીઓ માટે વેલકમ ડેની કરાઈ ઉજવણી




અમરેલી,તા.૧૧

અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં પ્રથમ સેમેસ્ટરની નવી વિદ્યાર્થિનીઓ માટે ‘વેલકમ ડે‘ ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠિયાએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરીને કોલેજ, સ્ટાફ અને વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. કાર્યક્રમના અધ્યક્ષ અને નિવૃત્ત ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ગિરીશભાઈ વેલિયતે વિદ્યાર્થિનીઓને અભ્યાસની સાથે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ પર ધ્યાન આપવા અનુરોધ કરી શુભાશિષ પાઠવ્યા હતા. આ સિવાય ડો. એમ.જે. પટોળિયા, ડો. અરવિંદકુમાર ઉપાધ્યાય અને સિનિયર વિદ્યાર્થિની હેલેયા વૈશાલીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંગીત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રજૂ થઈ હતી. આ આયોજનનું સુચારુ સંચાલન પ્રા. ડો. નિરૂપાબેન ટાંક તથા વાઘેલા ઉર્મિલાએ કર્યું હતું અને અંતમાં ડો. વિલાસબેન સોરઠિયાએ આભાર દર્શન કર્યું હતું.

# બાબરામાં ‘ઓરડીએ કોઈ સ્ત્રીને લઈને ન આવવું’ કહેતા ઈંટ-પથ્થરના ઘા માર્યા

બાબરા, તા.૧૧

બાબરા ટાઉનમાં નિલવડા રોડ જી.આઈ. ડી.સી. પાછળ ઓરડીએ ગમે તેવી સ્ત્રીને લઈને ન આવવું તેમ કહેતા ઈંટ-પથ્થરના ઘા માર્યા હતા. તેમજ જાનથી મારવાની પણ ધમકી આપી હતી. બનાવ અંગે રેખાબેન કરશનભાઈ પરમાર (ઉ.વ.૩૫)એ ખાલીદ કાદરભાઈ સૈયદ રહે.બાબરા તથા નેહા રહે.મુળ બાબરા હાલ સુરત રહેતા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા ખાલીદ સૈયદ મિત્ર તરીકે રહેતા હતા. તેમને ખાલીદ સૈયદ સાથે વીસેક દિવસ પહેલા ઝઘડો થયો હતો અને તેઓ અમદાવાદ મુકામે ગયા હતા ત્યારે ખાલીદ સૈયદ અને નેહા સાથે ફરતા હતા. બંન્ને જી.આઈ.ડી.સી. પાછળની ઓરડીએ સાથે ગયા હતા. જેથી તેઓ તેની ઓરડીએ જતા બંને સાથે જોઈ ગયા હતા. તેમણે ખાલીદ સૈયદને તેમની ઓરડીએ ગમે તેવી સ્ત્રીને લઈને ન આવવા બાબતે કહેતા સારું નહોતું લાગ્યું અને જેમ-ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમને ગળાના ભાગે ભાખોડીયા ભર્યા હતા. તેમજ બંને આરોપીએ છુટા ઈંટ-પથ્થરના ઘા મારી માથામાં તથા વાંસામાં મુંઢ ઈજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી આર રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

# બાબરા વેલનાથ પ્રગતિ મંડળના પ્રમુખપદે ભાવેશભાઈ ઝંઝવાડિયાની સર્વાનુમતે વરણી



બાબરા,તા.૧૧

બાબરા વેલનાથ પ્રગતિ મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં મંડળના પ્રમુખપદે ભાવેશભાઈ સોમાભાઈ ઝંઝવાડિયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. મંડળના સભ્યોએ તેમને શુભેચ્છા પાઠવી હતી. બેઠકમાં મંડળની પ્રગતિ, સમાજના વિકાસ અને એકતા માટે આગામી સમયમાં વિવિધ પ્રવૃત્તિઓ યોજવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૯૦ | ૧૬૪૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૨ |
| જુવાર સફેદ | ૧૦૨૫ | ૧૨૪૦ |
| જુવાર લાલ | ૧૦૯૧ | ૧૧૬૫ |
| બાજરી | ૩૯૭ | ૫૫૧ |
| તુવેર | ૧૧૦૫ | ૧૫૫૯ |
| ચણા પીળા | ૧૦૧૧ | ૧૨૩૮ |
| ચણા સફેદ | ૧૨૧૧ | ૧૭૯૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૧૭ |
| મગ | ૧૨૦૦ | ૧૬૮૦ |
| વાલ દેશી | ૮૬૦ | ૧૨૩૪ |
| ચોળી | ૧૦૦૦ | ૧૪૯૦ |
| વટાણા | ૬૨૦ | ૧૦૦૦ |
| રાજમા | ૧૮૦૦ | ૨૨૧૦ |
| સીંગદાણા | ૧૬૩૦ | ૨૦૮૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૨૬૦ | ૧૫૫૦ |
| તલી | ૧૯૫૫ | ૨૪૮૫ |
| એરંડા | ૧૩૭૧ | ૧૪૩૦ |
| સોયાબીન | ૧૨૩૧ | ૧૩૭૦ |
| સીંગફાડા | ૧૩૮૦ | ૧૮૦૫ |
| કાળા તલ | ૨૨૮૦ | ૩૬૩૧ |
| લસણ | ૧૦૯૧ | ૨૪૧૦ |
| ધાણા | ૨૮૦૦ | ૩૦૫૦ |
| ધાણી | ૨૮૫૦ | ૩૧૨૦ |
| વરીયાળી | ૧૪૫૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૫૭૫ | ૩૮૬૦ |
| રાય | ૧૩૩૦ | ૧૭૫૦ |
| મેથી | ૯૫૦ | ૧૮૩૨ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૬૦૨ |
| રાયડો | ૧૧૮૦ | ૧૫૧૭ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૧૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૧૧ | ૮૧૮ |
| પપૈયા | ૧૪૨ | ૨૯૯ |
| બટેટા | ૮૫ | ૨૮૮ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૪૩૧ |
| ટમેટા | ૨૭૧ | ૫૨૧ |
| સુરણ | ૭૮૧ | ૧૦૧૧ |
| કોથમરી | ૪૩૩ | ૭૯૧ |
| મુળા | ૪૧૨ | ૫૯૭ |
| રીંગણા | ૩૨૧ | ૭૬૨ |
| કોબીજ | ૩૧૨ | ૫૨૨ |
| ફ્લાવર | ૫૫૨ | ૭૩૪ |
| ભીંડો | ૮૧૮ | ૧૧૨૫ |
| ગુવાર | ૧૦૩૦ | ૧૪૪૫ |
| ચોળાસીંગ | ૬૩૮ | ૧૧૨૩ |
| વાલોળ | ૧૦૨૬ | ૧૩૧૮ |
| ટીંડોળા | ૬૨૯ | ૧૩૬૨ |
| દુધી | ૩૦૭ | ૪૨૪ |
| કારેલા | ૬૧૮ | ૮૩૩ |
| સરગવો | ૭૭૩ | ૧૨૧૫ |
| તુરીયા | ૭૯૫ | ૧૧૭૮ |
| પરવર | ૧૦૩૪ | ૧૪૨૧ |
| કાકડી | ૪૨૨ | ૬૯૦ |
| ગાજર | ૩૭૫ | ૬૧૨ |
| વટાણા | ૧૬૫૪ | ૨૬૧૬ |
| કંટોળા | ૨૦૦૭ | ૩૦૭૮ |
| ગલકા | ૩૭૧ | ૬૦૫ |
| બીટ | ૩૧૫ | ૫૨૨ |
| મેથી | ૮૨૪ | ૧૩૮૫ |
| વાલ | ૧૩૩૨ | ૧૬૧૭ |
| ડુંગળી લીલી | ૫૧૧ | ૭૯૫ |
| આદુ | ૧૪૨૬ | ૨૯૭૩ |
| મરચા લીલા | ૫૧૫ | ૭૧૮ |
| મગફળી લીલી | ૧૦૨૬ | ૧૨૩૧ |
| મકાઇ લીલી | ૨૦૨ | ૩૯૩ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૫૧૬ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૬૬ |
| કપાસ | ૧૧૩૧ | ૧૯૩૧ |
| મગફળી જીણી | ૯૪૧ | ૧૪૮૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૦૬ |
| સીંગદાણા | ૧૧૦૦ | ૧૯૭૧ |
| શીંગફાડા | ૧૧૦૦ | ૧૬૬૧ |
| એરંડા | ૧૩૫૬ | ૧૪૧૬ |
| તલ | ૧૭૫૧ | ૨૬૧૧ |
| જીરૂ | ૨૪૫૧ | ૩૯૬૧ |
| કલોંજી | ૨૩૦૧ | ૩૫૦૧ |
| ધાણા | ૨૩૦૧ | ૩૧૪૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૦૨૬ |
| લસણ | ૧૦૦૧ | ૨૦૯૧ |
| ડુંગળી | ૧૦૬ | ૫૫૧ |
| બાજરો | ૨૮૧ | ૪૪૧ |
| જુવાર | ૩૫૧ | ૧૧૦૦ |
| મકાઈ | ૪૫૧ | ૫૫૧ |
| મગ | ૯૦૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૦૫૬ | ૧૨૫૬ |
| વાલ | ૩૩૧ | ૧૧૨૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૮૬૧ |
| ચોળા/ચોળી | ૩૦૫ | ૬૭૬ |
| તુવેર | ૯૭૬ | ૧૫૬૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૩૩૧ |
| રાઈ | ૧૭૦૦ | ૧૭૯૧ |
| મેથી | ૧૦૦૧ | ૧૪૫૧ |
| સુવા | ૧૧૫૧ | ૧૧૭૬ |
| કળથી | ૪૦૧ | ૫૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૪૦૧ | ૭૦૧ |
| ચણા સફેદ | ૧૧૨૧ | ૧૯૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૪૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૮૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૮૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૪૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૮૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૯૦૦ |
| બટેટા | ૧૨૦ | ૨૫૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૨૦૦ | ૪૦૦ |
| પચકારુ | ૧૬૦ | ૩૬૦ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કંટોલા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| પરવર | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| સરગવો પુરા | ૫૦ | ૭૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૬૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૪૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૨૧૩૦ |
| તલ સફેદ | ૧૩૩૦ | ૨૫૨૦ |
| તલ કાળા | ૨૨૩૦ | ૩૯૮૦ |
| બાજરો | ૩૮૫ | ૪૩૦ |
| જુવાર | ૧૦૬૫ | ૧૨૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૫ |
| મકાઈ | ૩૮૫ | ૩૮૫ |
| મગ | ૭૦૦ | ૧૫૦૦ |
| અડદ | ૯૨૫ | ૧૫૧૦ |
| ચણા | ૯૭૦ | ૧૨૪૦ |
| ચણા દેશી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૨૩૫ |
| છોલે ચણા | ૯૫૫ | ૯૫૫ |
| તુવેર | ૧૧૫૫ | ૧૪૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૮૫ |
| નવો કપાસ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૫૫ | ૧૩૫૦ |
| જીરુ | ૨૪૪૦ | ૩૮૦૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૧૬૦૫ | ૧૬૧૫ |
| ધાણી | ૨૪૦૦ | ૩૧૦૦ |
| મેથી | ૧૧૨૫ | ૧૪૫૫ |
| સોયાબીન | ૧૧૫૫ | ૧૩૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૦૦ |
| કોબીજ | ૪૫૦ | ૫૫૦ |
| શક્કરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૬૦૦ | ૬૮૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૨૦ | ૭૩૦ |
| ગલકા | ૫૨૦ | ૬૨૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૪૮૦ | ૨૦૦૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૧૦૫૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૦૫૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૯૩૦ |
| ચીભડા | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૮૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૮૦ |
| બીટ | ૫૦૦ | ૫૫૦ |
| સરગવો | ૧૦૫૦ | ૧૨૫૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૮૦૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૪૫૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૨૬૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીબુ | ૪૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૪૦ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૨૦૪૦ |
| તલ સફેદ | ૨૧૭૫ | ૨૫૨૨ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૪૫૦ |
| જીરૂ | - | ૩૭૩૨ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૬૦ |
| બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૫૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ૨૭૦૦ | ૨૯૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૫૦ | ૧૯૧૮ |
| તલ કાળા | ૨૬૭૦ | ૨૯૭૫ |
| જીરૂ | ૩૨૮૦ | ૩૭૬૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૨૩૦ |
| ઘઉં | ૪૯૫ | ૫૩૨ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૨૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૧૮૦ | ૨૪૧૫ |
| શીંગદાણા | ૧૫૩૫ | ૧૯૫૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૮૫ |
| લશણ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ધાણા | ૧૯૫૦ | ૩૦૦૦ |
| ચણા | ૧૧૪૫ | ૧૨૨૬ |
| તુવેર | ૧૨૪૫ | ૧૨૪૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ઘઉં | ૫૧૦ | ૫૧૬ |
| તુવેર | ૧૩૭૦ | ૧૩૭૦ |
| મગ | ૧૩૭૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૪૦ |
| તલ કાળા | ૨૫૨૦ | ૨૫૨૦ |
| ધાણા | ૨૮૯૦ | ૨૯૦૦ |
| શીંગ દાણા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| સોયાબીન | ૧૨૮૦ | ૧૩૦૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૯૨ | ૧૧૫૦ |
| બાજરી | ૩૦૦ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૮૮ |
| સોયાબીન | ૧૦૮૫ | ૧૦૮૫ |
| અડદ | ૧૩૮૦ | ૧૩૮૦ |
| મગ | ૪૬૫ | ૧૯૧૦ |
| મેથી | ૯૧૫ | ૯૧૫ |
| ચણા | ૯૩૫ | ૧૨૦૭ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૪૮૯ |
| તલ કાળા | ૨૩૦૧ | ૩૪૩૪ |
| તુવેર | ૧૧૫૧ | ૧૧૫૧ |
| જીરૂ | ૩૭૦૧ | ૩૭૦૧ |
| ડુંગળી લાલ | ૭૦ | ૫૭૮ |
| ડુંગળી સફેદ | ૧૫૨ | ૪૪૧ |
| નાળીયેર | ૪૪૦ | ૩૧૪૮ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૨૭૫ | ૨૪૯૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૬૦૦ |
| તલ પીળા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| કપાસ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| બાજરો | ૪૦૧ | ૫૭૦ |
| ઘઉ ટુકડા | ૪૫૩ | ૫૫૭ |
| જુવાર | ૮૦૦ | ૧૨૭૯ |
| મગ | ૧૫૦૧ | ૧૫૫૦ |
| અડદ | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ચણા | ૮૫૧ | ૧૨૮૧ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| શીંગ દાણા | ૧૭૫૦ | ૧૯૨૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૨૦૫ | ૧૨૨૫ |
| બાજરી | ૩૦૦ | ૪૪૫ |
| ઘઉં | ૪૩૫ | ૫૬૬ |
| મગ | ૧૨૮૦ | ૧૬૫૫ |
| અડદ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૯૫૦ | ૧૩૬૫ |
| ચોળી | ૮૫૦ | ૯૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૪૯ |
| ચણા સફેદ | ૧૨૫૫ | ૧૭૦૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૩૩૫ |
| તલી | ૨૦૦૦ | ૨૪૪૦ |
| તલ કાળા | ૧૪૦૦ | ૨૯૩૫ |
| લસણ | ૮૦૦ | ૨૬૨૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૩૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૪૬૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૨૭૫ |
| વટાણા | ૫૫૫ | ૬૫૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૬૧ | ૧૮૭૬ |
| ઘઉં | ૪૩૧ | ૫૩૦ |
| બાજરો | ૪૧૬ | ૪૧૬ |
| ચણા | ૮૦૧ | ૧૨૩૧ |
| અડદ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૨૬ |
| મગફળી | ૧૦૦૧ | ૧૨૯૬ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૧૮૮૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૫૬ |
| એરંડા | ૧૧૩૧ | ૧૨૮૬ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૨૪૫૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૭૧ |
| રાય | ૧૬૨૧ | ૧૬૨૧ |
| જીરૂ | ૩૭૮૬ | ૩૭૮૬ |
| ધાણા | ૧૫૦૧ | ૨૯૦૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૨૩૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૫૨૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૨૨ |
| ઘઉં | ૪૭૦ | ૫૭૨ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૬૫ |
| જુવાર | ૯૦૦ | ૧૧૩૨ |
| ચોળી | ૧૦૦૦ | ૧૩૯૦ |
| અડદ | ૧૫૫૦ | ૧૮૫૦ |
| મગ | ૧૦૫૦ | ૧૬૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૪૮ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૬૯૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૬૧ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૨૦૪૦ |
| રજકો | ૭૦૦૦ | ૧૦૦૦૦ |

# 'જેન-ઝી' પાસેથી શું પ્રેરણા લેવી જોઈએ ?



'જેન-ઝી' જોરમાં છે.

નીટ પેપર લીક સામેના સફળ આંદોલને અચાનક ભારતીય યુવા સમુદાયને લાઈમલાઈટમાં લાવી દીધો છે. અત્યાર લગી નવી પેઢી એટલે કે 'જેન-ઝી' અને જેન-આલ્ફા વિશે નકારાત્મક વાતો જ સાંભળવા મળતી હતી. 'જેન-ઝી' સાવ બેકાર છે, મોબાઈલમાં ખૂંપેલી રહે છે, કશું કરવાની ત્રેવડ નથી એ પ્રકારની વાતો સાંભળવા મળ્યા કરતી હતી. ભાજપનાં સાંસદ કંગના રણૌતે તો 'જેન-ઝી'ને ગટર જનરેશન ગણાવી દીધી હતી.

હવે અચાનક જ આખા દેશને જ્ઞાન થયું છે કે, 'જેન-ઝી' તો આ દેશની મોટી તાકાત છે અને 'જેન-ઝી'ની ઉપેક્ષા કરવાની નહીં પણ તેને સાંભળવાની જરૂર છે. કંગનાએ પોતે ગુલાંટ લગાવીને પહેલાં જેના પર ગટર જનરેશનનું લેબલ લગાવેલું તેને દેશની શક્તિ ગણાવી દીધી છે. બીજા મહાનુભાવો પણ આ જ રાગ આલાપી રહ્યા છે.

નેતાઓ તો પવન જોઈને સઢ બદલતા હોય છે તેથી તેમની વાતને બહુ ગંભીરતાથી ના લેવાય પણ સામાન્ય લોકોમાં'જેન-ઝી' વિશેનો અભિપ્રાય બદલાયો છે ખરો ? સોશિયલ મીડિયા પરની કોમેન્ટ્સને જોતાં લાગે કે, નેતાઓ ભલે ગમે તે કહે પણ સામાન્ય લોકોએ હજુ 'જેન-ઝી'ને જોવાનો દૃષ્ટિકોણ વધારે બદલવાની જરૂર છે. હજુય સમાજનો એક વર્ગ યુવાઓને અને ખાસ તો છોકરીઓને તેમનાં કપડાં કે તેમની લાઈફસ્ટાઈલના આધારે મૂલવે છે. જેન-ઝીની ભાષા કે સૂત્રોના આધારે તેમની દેશભક્તિનું મૂલ્યાંકન થાય છે, તેમનામાં સંસ્કાર નથી એવાં સર્ટિફિકેટ અપાય છે. જેન-ઝીમાં ભારતીય સંસ્કારો નથી એવી વાતો પણ થાય છે.

હાસ્યાસ્પદ વાત પાછી એ છે કે, નેતાઓના ભ્રષ્ટાચારથી માંડીને ગંદી ભાષા-વર્તનને ચૂપચાપ સહન કર્યા કરતી પેઢી આ વાતો કરે છે. ભારત તો કૃષ્ણની ભૂમિ છે કે જેમણે અન્યાય અને અત્યાચાર કરનારાં પોતાનાં સ્વજનો, વડીલો કે ગુરુઓ સામે હથિયાર ઉઠાવીને લડવાનું જ્ઞાન આપ્યું. જેન-ઝી એ જ કરી રહી છે તો પછી તેનામાં ભારતીય સંસ્કાર નથી એવું કઈ રીતે કહી શકાય ?

જૂની પેઢીએ આ વલણ અને અભિગમ બદલવાની જરૂર છે. જેન-ઝીને કપડાંના આધારે કેરેક્ટર સર્ટિફિકેટ આપવાના બદલે તેમના ઉદ્દેશને આધારે તેમને મૂલવવાની જરૂર છે.

■■■

'જેન-ઝી' સામે કેમ બધા નમી ગયા છે ?

ગુજરાતીમાં કહેવત છે કે, ચમત્કાર વિના નમસ્કાર નહીં. નરેન્દ્ર મોદીથી માંડીને મોહન ભાગવત સુધીના બધા અત્યારે 'જેન-ઝી'ને વખાણી રહ્યા છે, તેને પંપાળી રહ્યા છે તેનું કારણ 'જેન-ઝી'એ 'નીટ' પેપર મામલે કરેલું પ્રચંડ આંદોલન છે. અભિજીત દીપકેએ બનાવેલી કોકોચ જનતા પાર્ટી (સીજેપી)ના દેખાવોને કારણે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિસ્તરાં પોટલાં બાંધીને રવાના થવું પડ્યું એ પછી બધાંને ડહાપણની દાઢ ફૂટી છે. નરેન્દ્ર મોદી અચાનક જ 'જેન-ઝી'ને 'ફ્રેન્ડ્ઝ' કહીને સંબોધવા માંડ્યા છે અને ઈન્સ્ટાગ્રામ પર રીલ પર રીલ મૂકી રહ્યા છે કેમ કે 'જેન-ઝી' સૌથી વધારે સક્રિય ઈન્સ્ટાગ્રામ પર છે. મોહન ભાગવતે પણ 'જેન-ઝી'નાં વખાણ કરીને કહ્યું છે તે. જેન-ઝી અને જેન-આલ્ફા અમારી પેઢી કરતાં વધારે પ્રમાણિક છે અને વધારે દેશભક્ત છે.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

'જેન-ઝી' કે જેન-આલ્ફાને દેશભક્તિ કે ઈમાનદારી સાબિત કરવા માટે મોહન ભાગવત કે બીજા કોઈના સર્ટિફિકેટની જરૂર નથી પણ 'જેન-ઝી'નાં આ વખાણ આપણા કહેવાતા નેતાઓ કઈ હદે તકસાધુ છે તેના પુરાવારૂપ છે. નીટનું પેપર ફૂટ્યું અને તેના કારણે હતાશ યુવાઓએ આપઘાત કરવા માંડ્યા ત્યારે 'જેન-ઝી'ની વ્યથાને કોઈ સમજવા તૈયાર નહોતું. મોદી સહિતના સરકારમાં બેઠેલા કોઈએ પણ નીટનું પેપર લીક થયું એ બહુ ખરાબ થયું એવું સહાનુભૂતિનું એક વાક્ય પણ નહોતું કહ્યું. ધર્મેન્દ્ર પ્રધાન તો અઠવાડિયા સુધી પેપર લીક થયું હોવાનું સ્વીકારવા પણ તૈયાર નહોતા. મીડિયાએ પુરાવા આપ્યા પછી પેપર લીક થયાનું સ્વીકાર્યું પણ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના કોઈ અધિકારી સામે કોઈ પગલાં ના લેવાયાં.

'જેન-ઝી'નું આંદોલન ઉગ્ર બન્યું પછી પ્રધાનને પણ રવાના કરી દેવાયા અને એનટીએના ૪૭ અધિકારીને એક સાથે સસ્પેન્ડ કરી દેવાયા. આ કામ પહેલાં કેમ ના થઈ શક્યું ? ભાગવત કે બીજાં બધાંએ આંદોલન ઉગ્ર બન્યું પછી યુવાઓની વાતો સાંભળવાનું જ્ઞાન પિરસવાનું શરૂ કર્યું પણ પહેલાં યુવાઓ સાથે કોઈ નહોતું. આંદોલન કરનારા યુવાઓને પાકિસ્તાન-ચીનના દલાલ, દેશદ્રોહી, અપરાધીઓ સહિતનાં લેબલો લગાડીને બદનામ કરાયા ત્યારે તેમનો બચાવ કરવા કોઈ આગળ ના આવ્યું. આંદોલનકારી છોકરીઓ વિશે ગંદી કોમેન્ટ્સ થતી હતી, તેમના ચારિત્ર્ય સામે સવાલ કરાતા હતા ત્યારે પણ બધા ચૂપ હતા. હવે બધાંને હેત ઉભરાયું છે કેમ કે, જેન-ઝીએ પ્રચંડ આંદોલન કરીને મોદી સરકારને ઘૂંટણિયે પાડી દીધી. જેન-ઝીએ પોતાની તાકાત બતાવી એટલે હવે બધાંને યુવા દેશની તાકાત લાગવા માંડ્યા છે.

■■■

જૂની પેઢી 'જેન-ઝી'માંથી પ્રેરણા લેશે ?

સામાન્ય રીતે નવી પેઢી જૂની પેઢીમાંથી પ્રેરણા લેતી હોય છે પણ અત્યારના માહોલમાં જૂની પેઢીએ નવી પેઢી પાસેથી પ્રેરણા લેવાની જરૂર છે કેમ કે જેન-ઝી આગલી પેઢીઓ કરતાં વધારે નિડર છે. જૂની પેઢી માનસિક રીતે નપુંસક થઈ ગઈ છે અને તેનામાં અન્યાય સામે અવાજ ઉઠાવવાની કે બોલવાની સુધ્ધાં તાકાત રહી નથી. નીટ પેપર લીક તો આ દેશના સડી ગયેલા તંત્રની નિષ્ફળતાનું એક નાનું ઉદાહરણ છે પણ એ સિવાય બીજું ઘણું લોલંલોલ આ દેશમાં વરસોથી ચાલી રહ્યું છે પણ જૂની પેઢીમાં તેની સામે બોલવાની પણ હિંમત નથી.

આપણે આ દેશની સ્થિતી જોઈશું તો ખબર પડશે કે, જૂની પેઢી કેટલી કાયર છે. ભારતમાં લોકશાહીનું મંદિર મનાતી સંસદમાં હત્યા, બળાત્કારના આરોપીઓ બેસે છે પણ લોકો તેની સામે બોલી શકતા નથી. રાજકીય પક્ષો અપરાધીઓને ટિકિટો આપે તેની સામે તો જૂની પેઢી ચૂપ રહી જ પણ ઉલટાનું તેમને હરાવીને રાજકીય પક્ષોને પાઠ ભણાવવાની પણ હિંમત ના બતાવી. દરેક વિભાગમાં બેફામ ભ્રષ્ટાચાર ચાલે છે ને કોઈ કામ નૈવેદ્ય ધરાવ્યા વિના થતું જ નથી પણ તેની સામે પણ સૌ ચૂપ છે.

વેપારીઓની સંગ્રહખોરી અને સરકારની નિષ્ક્રિયતાના કારણે મોંઘવારી બેફામ વધી ગઈ છે ને સામાન્ય માણસ તો કઈ રીતે બે છેડા ભેગા કરવા તેની પળોજણમાંથી ઉંચો નથી આવતો પણ કોઈનામાં તેની સામે લડવાની હિંમત નથી. આરોગ્ય, શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ સાવ મોંઘી થઈ ગઈ છે ને રોડ-રસ્તા સહિતની જાહેર સુવિધાઓ પણ સાવ ખાડે ગયેલી છે. એ બધામાં બેફામ ભ્રષ્ટાચારના કારણે દર ચોમાસામાં તો લોકોની જીંદગી દોઝખ બની જ જાય છે પણ સામાન્ય દિવસોમાં પણ સરખી રીતે જીવી શકાતું નથી. ગુનાખોરી વધી રહી છે, હત્યા-બળાત્કાર, લૂંટફાટ જેવી ઘટનાઓ સતત વધી રહી છે.

આ તો થોડાંક ઉદાહરણ આપ્યાં પણ આવાં તો અનેક દૂષણો આપણે ત્યાં કાયમી ઘર કરી ગયાં છે. રાજકારણીઓને આ દૂષણોને કાઢવામાં રસ નથી પણ સત્તા ટકાવી રખવા માટે ધારાસભ્યો કે સાંસદોને તોડવા, તેના માટે પાણીની જેમ પૈસા વાપરવામાં રસ છે ને જૂની પેઢી આ અધઃપતન સામે સાવ ચૂપ છે.

જેન-ઝીએ નીટ પેપર લીક સામે સફળ આંદોલન કરીને સાબિત કર્યું છે કે, જૂની પેઢીની જેમ કાયર નથી અને લડવાની તાકાત પણ છે અને ગાળો કે ધાકધમકી સામે ટકવાની પણ તાકાત છે. જૂની પેઢી તેમાંથી પ્રેરણા લે અને આ દેશને પરેશાન કરી રહેલી સમસ્યાઓ માટે લડે તો આ દેશ બદલાઈ શકે. જેન-ઝીનું ઝનૂન અને જૂની પેઢીનો સહકાર આ દેશમાં ક્રાંતિ લાવી શકે છે, નૈતિક અધઃપતનમાંથી બહાર લાવી શકે છે. ભૂતકાળમાં મહાત્મા ગાંધીએ અંગ્રેજો સામે આ રીતે લડત કરી હતી ને આઝાદ ભારતમાં જયપ્રકાશ નારાયણે યુવાઓને સાથે લઈને ઈન્દિરા ગાંધીના ભ્રષ્ટાચાર સામે જંગ છેડેલો. અત્યારે નરેન્દ્ર મોદી ભ્રષ્ટ નથી પણ સિસ્ટમ ભ્રષ્ટ છે જ તેથી તેમાં પરિવર્તન માટે જંગ જરૂરી છે, જરૂર જૂની પેઢી હિંમત બતાવે તેની છે. ■

sanjogpurti@gmail.com

# ગુજરાતમાં વિનામૂલ્યે અને સરાજાહેર દારૂ પીવાની ગુપ્ત ટેકનિક !



ચેતવણીઃ આ લેખ વાંચતા પહેલા પોતાની કલ્પનાશક્તિનો સીટબેલ્ટ બાંધી લેવો. નશો ગમે ત્યારે ચડી શકે છે!

દુનિયામાં બે પ્રકારના લોકો હોય છેઃ એક, જેઓ છુપાઈને પાપ કરે છે અને બીજા, જેઓ ડંકાની ચોટ પર પુણ્ય કરે છે. હું વ્યક્તિગત રીતે છુપાઈને, ખાનગીમાં કે સંતાઈને દારૂ પીવાના સખત વિરોધમાં છું. મને લાગે છે કે અંધારામાં, બંધ બારણે કે ખાનગીમાં જે કંઈ પણ થાય તે બધું જ 'પાપ' ની કેટેગરીમાં આવે છે.

તમને નેવુંના દાયકાની પેલી સુપરહિટ ફિલ્મ 'સૌગંધ' યાદ છે? મને એ ફિલ્મ આખેઆખી ગોખાઈ ગયેલી છે. એમાં મુકેશ ખન્ના એટલે કે ચૌધરી સારંગનો એક ડાયલોગ મને વારંવાર યાદ આવે છે. જ્યારે પણ કોઈ છુપાઈને કશું કરતું હોય ત્યારે મારા કાનમાં ચૌધરી સારંગનો અવાજ ગુંજવા લાગે છેઃ 'પ્યાર કરના અગર પાપ નહીં હોતા, તો લોગ ઉસે છુપ કર ક્યૂં કરતે હૈ?' (આ ડાયલોગ પછી પહાડ પરથી પડઘો પડતો હોય એમ એકદમ જોરથી બરાડવાનું હોય છે - 'ગંગાઆઆઆઆઆઆ!').


હવે વિચારો, જો પ્રેમ છુપાઈને કરવો એ પાપ હોય, તો પછી આટલો મોંઘોદાટ દારૂ છુપાઈને પીવો એ કેટલું મોટું પાપ કહેવાય?

દારૂ બાબતમાં બહુ જ મોટા મોટા અને અનુભવી ગુજરાતીઓનું એવું દ્રઢપણે માનવું છે કે, જો તમે પીધા પછી જાહેરમાં ન આવો, તો પછી પીવાની કોઈ મજા જ રહેતી નથી. એ દારૂ પાણીમાં (કે પછી ગટરમાં) ગયો સમજો!

તમે યાર બ્લેકનો મોંઘો દારૂ પીધો હોય, અને પછી ચૂપચાપ ગોદડું ઓઢીને સુઈ જાવ તો એમાં તમારી શું ઈમ્પ્રેશન પડે? અસલી મજા તો ત્યારે છે જ્યારે તમે પીધા પછી લથડિયાં ખાતા ખાતા ફલાણાભાઈની પાનની દુકાને પહોંચો. ત્યાં જઈને મોઢામાં એક મસાલો કે પાન દબાવો, આંગળીઓમાં સિગારેટ ફસાવીને એનો ધુમાડો હવામાં કાઢો અને આસપાસ ઉભેલા પાંચ-પંદર માણસો વચ્ચે તમારું 'ઈન્ટરનેશનલ નેટવર્ક' ખુલ્લું પાડો!

ત્યાં સુધી દારૂના પૈસા વસૂલ જ નથી થતા જ્યાં સુધી તમે દુકાને ઉભેલા લોકોને એ ન જણાવો કે અમિતાભ બચ્ચન અને નરેન્દ્ર મોદી સાથે તમારે કેવો ઘરબો છે! પીધા પછી જ્ઞાન આવે કે, 'અલ્યા ડોનાલ્ડ ટ્રમ્પને તો મેં જ કીધું'તું કે ભાઈ તું ઈલેક્શનમાં ઉભો રહે, તારો ભાઈ બેઠો છે ઈન્ડિયામાં!' અથવા તો 'કાલે જ બેન્ઝમીન નેતાન્યાહૂનો ફોન આવ્યો'તો, રોતો'તો બિચારો, મેં જ એને ખખડાવી નાખ્યો કે રોવાનું બંધ કર અને મિસાઈલો ફોડ!'

જો કોઈ તમારી આ આંતરરાષ્ટ્રીય વાતો સાંભળવા વાળું ન મળે, તો છેલ્લો રસ્તો એ હોય છે કે ખિસ્સામાંથી ફોન કાઢવાનો અને (ભલે સામે કોઈ ન હોય તો પણ) કોઈની પણ સાથે જોરજોરથી મોટી મોટી વાતોએ ચડી પડવાનું. ટૂંકમાં, તમે જાહેરમાં આવીને કંઈક બફાટ કરો, લોકો તમને જુએ, બે-ચાર જણા તમને પકડીને ઘરે મૂકી જાય, તો અને તો જ દારૂના પૈસા વસૂલ થયા ગણાય.



ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

અમારા ગામમાં એક બહુ જ પ્રચલિત કહેવત છેઃ 'પીવાનું પાવલીનું અને આઠ આનાનો ડાન્સ!' સામાન્ય લોકો આ કહેવતને હસીને કાઢી નાખે છે, પણ મારા જેવા ફિલોસોફર મગજના માણસને આમાં એક ભયંકર વૈજ્ઞાનિક સત્ય દેખાયું. મારું આજનું આખું સંશોધન આ કહેવત ઉપર જ આધારિત છે.

જેવી રીતે ઓસ્ટ્રેલિયન મનોવૈજ્ઞાનિક સિગ્મન્ડ ફ્રોઈડે 'ઈડીપસ'ની ગ્રીક વાર્તા ઉપરથી 'ઈડીપસ કોમ્પ્લેક્સ' નામનો મહાન મનોવૈજ્ઞાનિક સિધ્ધાંત શોધી કાઢ્યો હતો, બરાબર એ જ રીતે મેં આ દેશી કહેવત અને અમારા ગામના દારૂડિયાઓના ગહન અભ્યાસ પરથી એક નવી સિસ્ટમ શોધી કાઢી છે. આ એવી સિસ્ટમ છે જેનાથી તમે ગુજરાતમાં સતત ૨૪ કલાક, વિના મૂલ્યે, અને એ પણ ધારો તો ખાનગીમાં અને ધારો તો સરાજાહેર (પોલીસની સામે ઉભા રહીને) દારૂ પી શકો છો!

ચાલો, આ કહેવતનું 'પોસ્ટમોર્ટમ' કરીએ. કહેવત કહે છે કે માણસ દારૂ ફક્ત ૨૫ પૈસાનો (પાવલીનો) પીવે છે, પણ એનો નશો બતાવવા ડાન્સ ૫૦ પૈસાનો (આઠ આનાનો) કરે છે. આનો સીધો ગાણિતિક અને મનોવૈજ્ઞાનિક મતલબ શું થયો? મતલબ એ થયો કે ૨૫ પૈસાના અસલી દારૂની સામે તે બાકીના ૨૫ પૈસાનો નશો કલ્પના (Imagination) વડે ઊભો કરે છે! એટલે કે ડાન્સમાં ૫૦% આનંદ દારૂનો છે અને ૫૦% આનંદ કલ્પનાનો છે.

બસ, અહીંથી જ મારી નોબેલ પારિતોષિક લાયક શોધ શરૂ થાય છે! મારું ભેજું ચાલ્યું કે, જો ૨૫ પૈસાનો દારૂ પીધા પછી બાકીની બીજી ૨૫ પૈસાની મજા તમે માત્ર મગજની કલ્પના વડે પૂરી કરી શકતા હોત, તો પછી પેલા ૨૫ પૈસા ખર્ચવાની પણ શું જરૂર છે? કલ્પના વડે ૧૦૦% આનંદ પણ શક્ય છે!

માસ્ટરક્લાસઃ 'બારૈયા સ્ટાઈલ' કલ્પના-પેગ પ્રયોગઃ

ચાલો, આજે આપણે એક પ્રયોગ કરીએ. હું તમને મફતમાં દારૂ પીતા શીખવાડું.

સૌપ્રથમ તમારે એવી કલ્પના કરવાની છે કે હું (લેખક) ભગવાન રજનીશ 'ઓશો' ની જેમ એક અત્યંત ઊંચા, મખમલી આસન ઉપર બેઠો છું. મેં લાંબો ઝભ્ભો પહેર્યો છે. મારી દાઢી છાતી સુધી લહેરાય છે. અને તમે બધા મારા પરમ શિષ્યો છો, જેઓ નીચે બેસીને મારી પાસે 'દારૂ પીવાની આધ્યાત્મિક ટ્રેનિંગ' લઈ રહ્યા છો.

હવે મારી સૂચનાઓનું પાલન કરોઃ

આંખો બંધ કરોઃ મગજમાંથી દુનિયાના તમામ ટેન્શન (EMI, પત્નીના મ્હેણાં, બોસની ગાળો) કાઢી નાખો.

પેગ પકડોઃ તમારો જમણો અથવા ડાબો હાથ હવામાં એવી રીતે ઊંચો કરો જાણે તમારી છાતી પાસે તમે એક ક્રિસ્ટલનો ગ્લાસ પકડ્યો છે.

માહોલ બનાવોઃ હવે કલ્પના કરો કે તમારી સામે એક સુંદર મજાનું, રોશનીથી ઝળહળતું લાકડાનું ટેબલ છે. હળવું ગઝલનું મ્યુઝિક વાગી રહ્યું છે.

સાકીનું આગમનઃ કલ્પનામાં જુઓ કે એક અત્યંત સુંદર મજાની 'સાકી' (પીરસનાર) તેના મુલાયમ હાથ વડે તમારા ખાલી ગ્લાસમાં ધીમે ધીમે સોનેરી રંગનો દારૂ પીરસી રહી છે. દારૂનો ખળખળ અવાજ તમારા કાનમાં ગુંજી રહ્યો છે.

બાઈટિંગ (ચખના): બાજુમાં ચાંદીની પ્લેટમાં જોરદાર બાઈટિંગ પડ્યું છે. મસાલા કાજુ, ચીઝ-ચેરી-પાઈનેપલ, શેકેલા પાપડ અને ડુંગળી-લીંબુનું કચુંબર છે. (ગુજરાતી છો એટલે એક પ્લેટમાં ગાંઠિયા પણ ધારી લેવા). ક્રમશઃ

naranbaraiya277@gmail.com

# સેવા હી ઉપાસના હૈ



સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે 'જન સેવા એ જ પ્રભુ સેવા છે' માણસાઈના દીવા ત્યાં સુધી જીવંત રહેશે જ્યાં સુધી માનવ સમુદાય સેવાના ક્ષેત્રમાં કાર્યરત રહેશે. વિનોબા ભાવે એ કહ્યું છે કે 'સેવાહી ઉપાસના હૈ'. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ડો. હેડગેવરજીએ રાષ્ટ્રસેવાના પ્રકલ્પને તેમજ હિંદુત્વને પોલાદી અને મજબૂત બનાવવા માટે સંઘની સ્થાપના કરી.સંઘની સ્થાપના એ જ સેવા છે. આજે કરોડો લોકો સેવાના ઉદ્દેશથી જોડાય છે. જ્યારે જ્યારે દેશમાં કુદરતી અથવા માનવસર્જિત આપત્તિ આવે ત્યારે સંઘના કાર્યકરો સેવામાં જોડાઈ જાય છે.

સેવાએ માનવ જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય અને નિઃસ્વાર્થ પરોપકારનું પ્રતીક છે. કોઈપણ જાતના બદલાની અપેક્ષા વગર, અન્યોના દુઃખ દૂર કરવા અને મદદરૂપ થવું એ માનવતાનો સાચો ધર્મ છે. સેવા માત્ર સમાજ કે પ્રકૃતિ માટે જ નહીં, પરંતુ વ્યક્તિના આંતરિક વિકાસ અને આધ્યાત્મિક શાંતિ માટે પણ અત્યંત જરૂરી છે.સેવાએ માત્ર પૈસાનું દાન નથી, પરંતુ મન, વચન અને કર્મથી અન્યને સહાયરૂપ થવાની ભાવના છે. સેવા કરવાથી આંતરિક શુદ્ધિકરણ થાય છે. મનને શાંતિ પ્રાપ્ત થાય છે. આ પૃથ્વી ઉપર જન્મ મળ્યો છે તો શા માટે સારું કાર્ય ન કરીએ? સેવા પ્રાથમિક અવસ્થાથી શરૂ કરીને વિરાટ સ્વરૂપ સુધી પહોંચી શકે છે.

પદ્મશ્રી સુરેશભાઈ સોની સહયોગ કૃષ્ઠ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર, સાબરકાંઠા ખાતે ૧,૦૦૦ જેટલા વ્યક્તિઓને પોતાનો પરિવાર સમજીને સેવા કરી. આવા રક્તપિતવાળા લોકોને જેના પરિવાર વાળા લોકો ત્યજી દે છે તેને તેમણે પોતાના પરિવારની જેમ રાખ્યા અને બધી જ સગવડ લોકભાગીદારીથી નિર્માણ કરી.પદ્મશ્રી સુરેશભાઈ સોની પ્રોફેસર હોવા છતાં નોકરી છોડીને સેવાના માર્ગે જીવન જીવી જાણ્યા. ગુરુજીએ સંઘની સેવાને વ્યાપક બનાવવા માટે સતત દેશના પ્રાંતોમાં ફરતા રહયા અને રાષ્ટ્ર સેવાના પ્રકલ્પને મજબૂત બનાવવા માટે લોકજાગૃતિ નિર્માણ કરી.



સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

માનવતા અને સમર્પણની દ્રષ્ટિએ સેવાના શ્રેષ્ઠ ઉદાહરણોમાં નિઃસ્વાર્થ ભાવે માનવજાત અને પ્રકૃતિની મદદ કરવાનો સમાવેશ થાય છે.સેવાના ઉત્તમ અને પ્રેરણાદાયી ઉદાહરણો જેવા કે આપત્તિ વ્યવસ્થાપન અને રાહત કાર્ય પૂર, ધરતીકંપ કે રોગચાળા જેવી કટોકટીમાં જીવના જોખમે લોકોને બચાવવા અને ભોજન, દવાઓ પૂરી પાડવી (ઉદાહરણ તરીકે વિવિધ એનજીઓ દ્વારા ચાલતું ફૂડ-કેમ્પ).રક્તદાન અને અંગદાન અન્ય કોઈ વ્યક્તિનો જીવ બચાવવા માટે રક્તદાન કરવું અથવા બ્રેઈન-ડેડ વ્યક્તિના અંગોનું દાન કરીને અંધ કે બીમાર વ્યક્તિને નવજીવન આપવું.ગરીબો અને અનાથો માટેની સંસ્થાઓ અનાથ આશ્રમ, વૃધ્ધાશ્રમ કે ખાસ જરૂરિયાતવાળા બાળકો માટેની શાળાઓ ચલાવીને તેમને આશરો અને શિક્ષણ આપવું. ગૌશાળા અને પ્રાણી કલ્યાણ, રસ્તે રઝળતા, બીમાર કે અબોલ પશુઓની સારવાર કરવી અને ગૌશાળામાં તેમની નિસ્વાર્થ સેવા કરવી.સરકારી સેવાઓ લોકોને ઘરઆંગણે જ તમામ સુવિધાઓ મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા આયોજિત સેવા સેતુ કાર્યક્રમએ સુશાસન અને જનસેવાનું ઉત્તમ ઉદાહરણ છે.શું તમે કોઈ ચોક્કસ ક્ષેત્ર (જેમ કે તબીબી સેવા, સામાજિક સેવા અથવા સરકારી સેવાઓ. આ બધી સેવાઓ પાછળ કર્મનો સિધ્ધાંત પ્રાણવાયુની જેમ કાર્ય કરે છે.કેટલાક સેવાભાવી લોકો જન સેવા કરવા માટે અલગારીની જેમ નીકળી પડતા હોય છે. તેમના માટે સમગ્ર વિશ્વ પરિવાર હોય છે. સેવા કરવામાં સદાય આનંદ હોય છે. સેવા કરવાના અનેક માર્ગો છે. તેમાંથી એક માર્ગને આપણે પકડી લઈએ અને તેના સાચા સિધ્ધાંતે સારું કાર્ય કરવા માટે કટિબધ્ધ બનીએ તેમાં જ સૌથી મોટો નિજાનંદ હશે. સેવા કરવા માટે પબ્લિક સીટી કરવાની જરૂર નથી. તમારું કાર્ય અને કર્મ ઓટોમેટિક માનવ સમુદાયમાં વ્યાપક બનશે. સેવા કરવાના ઉદ્દેશો નક્કી હોવા જોઈએ. આર્થિક ઉપાર્જન અને લોકપ્રિય બનવા માટે નથી. શિક્ષણનું મુખ્ય કાર્ય બાળકોમાં નૈતિકતા, પ્રમાણિકતા, રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રભાવના અને સેવાની સાથે નૈતિક મૂલ્યો શીખવવાના છે. આચરણથી અનુશાસન સુધી પહોંચવું હોય તો સેવા સર્વશ્રેષ્ઠ માર્ગ છે. હાલ વર્ષાઋતુની સિઝન ચાલે છે અને આવા સમયગાળા દરમિયાન કુદરતી પ્રકોપ થાય ત્યારે ચોક્કસ વિસ્તાર પ્રભાવિત થયો હોય એ જગ્યાએ માણસો દ્વારા સેવાકીય પ્રવૃતિ નિર્માણ કરવામાં આવે અને આપત્તિમાં સપડાયેલા લોકોને મદદ આપીને તે આપત્તિમાંથી બહાર કાઢીએ સૌથી મોટી એ સેવા છે. ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી આપવું એ સેવા છે. સેવાના નાના નાના માર્ગો વિશાળ રોડ મેપ તૈયાર કરી આપે છે.સંઘની ઘણી બધી ભગીની સંસ્થાઓ દ્વારા સેવાકીય પ્રવૃત્તિ થાય છે.

ચોમાસાની ઋતુ દરમિયાન વાવાઝોડાથી પરિવહન માર્ગ ઉપર એક ઝાડ પડી ગયેલ હતું. તેના કારણે રોડ ઉપર અસંખ્ય ટ્રાફિકજામ થયો હતો, એ ઝાડ પડેલું બધા જ લોકો જોતા હતા તે સમયગાળા દરમિયાન એક સ્કૂલમાંથી નાનો વિદ્યાર્થી તે ઝાડને ખસેડવા માટે પ્રયાસ કરતો હતો. ટ્રાફિકમાં ફસાયેલા તમામ લોકો આ નાના બાળકને ઝાડ ખસેડવાની શરૂઆતને જોઈને પ્રભાવિત થયા અને ત્યારબાદ તે સૌ ટ્રાફિકમાં ફસાયેલા લોકો એ ઝાડને ખસેડવામાં જોડાયા અને તે ઝાડ રોડ ઉપરથી સાઈડ ઉપર ખસેડવાથી ટ્રાફિક સમસ્યા દૂર થઈ. એક નાના બાળકના માનસમાં આવેલો સેવા કરવાનો વિચાર એ ટ્રાફિકના માહોલમાં ફસાયેલા લોકો માટે પ્રેરણા સ્ત્રોત બન્યો.ઉદાહરણ નાનું છે પરંતુ મેસેજ મોટો છે કે સેવા કરવાની શરૂઆત કોઈકે તો કરવી જ પડશે.

હું જે સંસ્થામાં નોકરી કરતો હતો તે સંસ્થાના પ્રમુખશ્રી સ્વર્ગસ્થ ચંદુભાઈ રણછોડભાઈ પટેલ (નેનપુર) દેહદાતા હંમેશા એવું કહેતા હતા કે આજીવન ખીચડી અને કઢી માટે છે. તેઓ હંમેશા સેવાકીય પ્રવૃતિ કરતા રહ્યા અને કરમસદ મેડિકલ કોલેજમાં પોતાના મૃત્યુ પછી પણ મેડિકલના છોકરાઓ રિસર્ચ કરી શકે તે માટે દેહદાન માટે રજીસ્ટ્રેશન કરાવી દીધું હતું.આવા સેવાભાવી લોકો આ દેશની અસ્મિતા છે. સેવા એ જ મેવા છે આ ઉપદેશને માનવી આજના ભૌતિકવાદમાં કેળવે તો ચારધામની યાત્રા અહીંયા જ છે. સેવા કરવી હોય તો અંતરની આત્મા અણીશુધ્ધ અને વૈચારિક ક્ષમતા માનવતાવાળી જોઈએ.વંદે માતરમ ભારત માતાકી જય

Mo.9825702282

# વજન કેમ નથી ઘટતું ? Crotisol અને Stress ની ભૂમિકા સમજો


હોમિયોપેથીનો વ્યક્તિગત અભિગમ

વજન ઘટાડવા છતાં પરિણામ કેમ નથી મળતું? કારણ માત્ર ડાયટ નથીપ કોર્ટિસોલ પણ હોઈ શકે? "ડાયટ કરી, ફાસ્ટિંગ કર્યું, લો-કાર્બ ડાયટ અપનાવી, કસરત કરીપ છતાં વજન કેમ નથી ઘટતું?" આ પ્રશ્ન આજકાલ અનેક લોકો પૂછે છે. ઘણી વખત વ્યક્તિનું બ્લડ ટેસ્ટ સામાન્ય હોય, ઊંઘ પણ સારી હોય અને પાણીનું વજન પણ ઝડપથી ઘટતું હોય, છતાં શરીરની ચરબીનું વજન ઘટાડવું મુશ્કેલ બને છે.

તો શું માત્ર વધુ કડક ડાયટ કરવી જોઈએ? કે પછી શરીર આપણને કોઈ બીજું કારણ સમજાવવાનો પ્રયાસ કરી રહ્યું છે?

કોર્ટિસોલ શું છે?

કોર્ટિસોલ શરીરમાં બનતું એક મહત્વનું હોર્મોન છે, જેને સામાન્ય રીતે "સ્ટ્રેસ હોર્મોન" તરીકે ઓળખવામાં આવે છે. તણાવ, ઊંઘની અનિયમિતતા, સતત માનસિક દબાણ અને જીવનશૈલીમાં અસંતુલન જેવી પરિસ્થિતિઓમાં કોર્ટિસોલના સ્તરમાં ફેરફાર થઈ શકે છે. કોર્ટિસોલ શરીરના મેટાબોલિઝમ, ભૂખ, ઊર્જા, ઊંઘ અને સ્ટ્રેસ રિસ્પોન્સ સાથે સંબંધિત છે. પરંતુ માત્ર વજન ન ઘટતું હોય એટલે કોર્ટિસોલ વધારે છે એવું માનવું યોગ્ય નથી. શરીર ક્યારે સંકેત આપે છે? વજન સાથે નીચેના લક્ષણો જોવા મળે તો સમગ્ર પરિસ્થિતિને સમજવી જરૂરી છેઃ સતત થાક અને **Fatigue** ચક્કર આવવા અથવા **Dizziness** આખા શરીરમાં દુખાવો વધારે પડતું ખાવું અથવા **Overeating** વારંવાર મીઠાઈ કે અન્ય ખોરાકની ઈચ્છા ઊંઘની પેટર્નમાં ફેરફાર ચામડીમાં ફેરફાર અથવા **Discolouration** શરીરના ઉપરના ભાગમાં વધુ ચરબી ચહેરો ગોળ દેખાવા લાગવો સ્ટ્રેસ અને ચિંતા ક્યારેક ભૂખ ઓછી થવી અને વજન ઘટવું સ્નાયુઓમાં નબળાઈ પરંતુ આ બધા લક્ષણો માત્ર **crotisol**ના કારણે જ થાય એવું નથી. **PCOS/PCOD**, થાઈરોઈડ, ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સ, ઊંઘ, દવાઓ, ખોરાક, શારીરિક પ્રવૃત્તિ અને અન્ય હોર્મોનલ પરિબળો પણ જવાબદાર હોઈ શકે છે. **High Crotisol** અને **Low Crotisol** – બંને અલગ છે વધેલું કોર્ટિસોલ (**High Crotisol**) કેટલીક પરિસ્થિતિઓમાં પેટ તથા શરીરના ઉપરના ભાગમાં ચરબી વધવી, ચહેરો ગોળ થવો, ઊંઘમાં ખલેલ અને ભૂખમાં વધારો જેવા લક્ષણો સાથે જોવા મળી શકે છે.


હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા : ડો. નંદિની જોટાંગિયા

બીજી તરફ ઓછું કોર્ટિસોલ (**Low Crotisol**) થાક, ચક્કર, ભૂખમાં ઘટાડો, નબળાઈ અને અનિચ્છનીય વજન ઘટાડા જેવી સમસ્યાઓ સાથે જોડાઈ શકે છે. એટલે "વજન નથી ઘટતું એટલે **crotisol** વધારે છે" અથવા "વજન ઘટે છે એટલે **crotisol** ઓછું છે" એવો સીધો નિષ્કર્ષ કાઢવો યોગ્ય નથી."બ્લડ ટેસ્ટ બધા નોર્મલ છે, તો પણ વજન કેમ નથી ઘટતું?" આ ખૂબ સામાન્ય પ્રશ્ન છે. વજન ઘટાડવું માત્ર એક બ્લડ ટેસ્ટથી નક્કી થતું નથી. વ્યક્તિની ઊંઘની પેટર્ન, દૈનિક પ્રવૃત્તિ, ખોરાક, ભૂખ, ભાવનાત્મક સ્થિતિ, સ્ટ્રેસ, **PCOD/PCOS**, મેટાબોલિક હેલ્થ અને લાંબા સમયની જીવનશૈલી - આ બધાને સાથે જોવાની જરૂર છે.

ઘણી વખત વ્યક્તિ ઝડપથી પરિણામ મેળવવા માટેઃ **Low-carb diet** → **Fasting** → ખૂબ ઓછું ખાવું → ઝડપી વજન ઘટાડવું આ ચક્ર અપનાવે છે. પરંતુ પછી જ્યારે ફરી **Nromal Life** શરૂ થાય છે અને જૂની ખાવાની આદતો પાછી આવે છે, ત્યારે વજન ફરી વધવા લાગે છે. કારણ કે તમે માત્ર વજન ઘટાડ્યુંપ મૂળ કારણ શોધ્યું નહીં.

**Water Weight** અને **Fat Loss** એક નથી ડાયટ શરૂ કર્યા પછી શરૂઆતના દિવસોમાં વજન ઝડપથી ઘટી શકે છે. તેમાં પાણીના વજનનો પણ મોટો ભાગ હોઈ શકે છે. પરંતુ શરીરની ચરબી ઘટાડવી એ ધીમે અને સતત થતી પ્રક્રિયા છે. તેથી માત્ર **weighing scale** પરનો નંબર નહીં, પરંતુ શરીરની રચના, કમરનો ઘેરાવો, ઊર્જા, ઊંઘ અને લાંબા ગાળાની જીવનશૈલીમાં આવેલા ફેરફારો પણ જોવાના રહે છે. વજન ઘટાડવા માટે શરીર સામે યુધ્ધ નહીં, શરીરને સમજવું જરૂરી છે ક્યારેક સમસ્યા પ્લેટમાં રહેલા ખોરાક કરતાં મનમાં ચાલતા વિચારોમાં વધુ હોય છે. (ક્રમશઃ)

# બેરાલાલ..! તમારો પપુડો આજકાલ હું કરે છે ?



બનેવીલાલે આવતાની સાથે જ એક વાત વહેતી મૂકી. (આમ તો બનેવીલાલ પાંહે તરહ તરહની વાતું હોય છે. જેમ કે, બે માસ્તરો એક જ નિશાળમાં એક સરખું જ ભણાવતાં હોય. પરંતુ, એકનો પગાર હોય એંસી હજાર રૂપિયા. અને એકનો હોય અઢાર હજાર રૂપિયા. છતાંય અઢાર હજારવાળો એંસી હજારવાળા કરતાં સારું ભણાવે છે. પણ, કોઈ બોલી હકતું નથી આ ફાઈનલ જેવી વાત છે.)

'બેરાલાલ..! તમારો પપુડો આજકાલ હું કરે છે?' 'વધારે તો કાંઈ કરતો નથી. પણ , હાં એ'દિ જરુર કાપે છે. ' 'એટલે ઈ ઈન્ટરિયા બિન્ટરિયા નથી ભરતો?' 'ભરે છે ને..! ઘણાં ઘણાંની હામે લાઈનું ભરે છે. અને એમાંથી નવરો પડે એટલે ઈન્ટરિયા'ય ભરે છે. પણ, ઈન્ટરિયાનું આવે હું? લાગવગ વાળાં જ મોર ઘરી જાય છે. આપણો ભાવ પુછે કોણ'

'છતાંય આવાં ઈન્ટરિયા ભરે રાખવાં. કોક 'દિ તો વારો આવશે ને.'

'ત્યાં હુધી એને ખવરાવશે કોણ? એટલે હવે નોકરી બોકરી ગઈ ઘરે. એને કોઈ આંદોલન નો નેતા બનાવી દેવો છે. આજકાલ આવાં ઘણાં આંદોલનોમાં નવાં નવાં નેતાઓ બની ગયાં છે.' 'હા પણ, આંદોલનમાં ખરસો કોણ કરશે? તમારી રહી સહી જમીને 'ય વેચાઈ જાહે.'

'તમે ખડ ખાવ છો બનેવીલાલ! જમીન વેચાય નહી. હોય એમાં જમીન વધારાય. તમે જ આપણાં આંદોલનનાં નેતાઓ જોઈ લો..!

એક કરતાં એક વધે એટલી અને એવી એવી મિલકત વસાવી લીધી છે. કોઈ નેતા તો કોઈ પરનેતા બની ગયાં છે. અને હૌથી મોટું હખ ઈ છે કે, એમાં કોઈ જાતની પરીક્ષા આપવાની આવતી જ નથી. એટલે પેપર ફૂટવાનો કકળાટ જ નથી આવતો.

પણ, હેં બનેવીલાલ! હવે કોઈ આંદોલન થશે ખરું? હા..હા..! હજી તો ઘણાં'ય આંદોલનો લાઈનમાં છે. જેમ શેર બજારમાં નવા નવા આઈ. પી. ઓ. લાઈનમાં હોય. એમ આંદોલનો'ય લાઈનમાં ઊભા હોય છે. (માલ ખાઈ મદારી ને...)

'તો તો હવે ઈ જ કામ કરવું છે. એમને એમ પૈસા વાળા નહી થવાય.'

'મારી પાંહે હજીય એક રસ્તો છે.'

'બોલો બોલો..! ક્યોં રસ્તો છે.અને હું કરવું પડહેં ?

જો સીધી આંગળીએ ઘી નીકળતું હોય તો આપણે આંગળી વાંકી નથી કરવી.'


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

'એને ઉત્તર પ્રદેશ મોકલી દો'

'ઉત્તર પ્રદેશ? ન્યા તો યોગીનું રાજ છે. હારા હારાને ઘર ભેગાં કરી દીધાં છે.'

'છતાંય ન્યા નોકરીનો હારો સાન્ચ છે.'

'અરે પણ, મને યાદ છે ત્યાં લગણ.. રામ મંદિરમાંથી ઘણાં'યને છૂટા કરી દીધાં છે. તો પછી, મારો પપુડો ન્યા જઈને કરશે હું!?'

'ન્યા એક જણને બબ્બે નોકરીનો પગાર મળે છે.'

'હું કાંઈ હમજયો નહી!! બબ્બે પગાર એટલે? રાતનો જુદો અને દિવસનો 'ય જુદો એમ!?'

'ના..આ..! એમ નઈ. એક જ માણસ, એક જ દિવસે બે અલગ અલગ જગ્યાએ નોકરી કરે. એટલે પગાર તો ડબલ આવે જ ને!!'

'એટલે તમે ખાનગી નોકરીની વાત કરો છો?'

'ના..આ..! સરકારી નોકરીની વાત છે. ખાનગી વાળા તો તમને એરંડીયુ પાઈને તેલ કઢાવી નાંખે. અને સરકારીમાં તો મોજે મોજ હોય. જાવ નો જાવ. હાજરી તમારી પુરાઈ જ જાય.'

'હા પણ, આમાં ડબલ પગાર ક્યાં આવ્યો? આવું તો આપણાં ગુજરાતમાં 'ય હાલે છે. આપણે ન્યા તો ઘણાંયને નોકરીએ નો જાય તોય પગાર આવે છે. '

'તમે હજી હમજયાં નહીં બેરાલાલ! ન્યા નોકરી એક કરવાની. અને પગાર બે જગ્યાએથી આવે. એટલે ન્યા જાવાની વાત છે.'

'ના..ના..ના. સરકારી નોકરીમાં એવું હાવ 'ધકેલ પંચા દોઢસો'નો હાલે. તમારી કાંઈક ગેર સમજ થાતી હશે.'

'તો પછી લ્યો તમને આ પુરાવો આપું.

યુ .પી .માં બે જિલ્લા છે. બારાબંકી અને પ્રતાપગઢ.

નરૌલી ગામનો એક માણસ. 'જય પ્રકાશ સિંહ.'

પરંતુ નહોંતુ એનામાં જય, નહોંતો એમાં પ્રકાશ કે નહોંતી સિંહ વૃતિ. આ જય પ્રકાશે ૨૬, ડિસેમ્બર ૧૯૭૯ પ્રતાપગઢ જિલ્લામાં આરોગ્ય વિભાગમાં બિન તબીબી સહાયક તરીકે નોકરી લીધી.

ખર્ચાઓ વધવા લાગ્યા. હવે શું કરવું? એટલે એમણે ૧૯૯૩ મા બારાબંકી જિલ્લામાં બેઝિક શિક્ષણ વિભાગમાં બીજી નોકરી લીધી.'

'તો તો બન્નેનાં ડોક્યુમેન્ટ અલગ અલગ હશે.'

'ના..આ..! એક જ ડોક્યુમેન્ટ ઉપર બન્ને નોકરી મળી. અને કરી 'ય ખરી.'

'તો પછી બે ચાર મહીના આવું હાલ્યું હશે.'

'ના..આ..!! પુરા સત્તર સત્તર વર્ષ સુધી બન્ને પગાર ખાધો. નોકરીએ એક જગ્યાએ જવાનું અને પગાર બન્નેનો આવે.'

'પછી..? પછી શું થયું?'

'૨૦૦૯ મા આની પોલ પકડાઈ ગઈ. અને ફરિયાદ દાખલ થઈ. કોર્ટે સાત વર્ષની સજા. અને રૂપિયા ૩૦૦૦૦/- નો દંડ કર્યો. અને લટકામાં જેટલો પગાર લીધો ઈ હંધોય પગાર પરત જમા કરવાનો હૂકમ થયો.'

'છતાંય એનો પગાર કેટલોક હશે? આપણે ત્યાં તો સામાન્ય ડ્રાઈવરના ઘરેથી 'ય કરોડો રૂપિયા રોકડા અને પંદર વીસ કીલો સોનું મળી આવે છે.

અને આંદોલનકારીઓ પાંહે તો રૂપિયાનાં ઢગલાં થાય છે. હવે તો મારો રામે ય જાણતો નથી કે, રૂપિયા ક્યાંથી આવે છે? અને ક્યાં જાય છે. ■

kalubhaibhad123@gmail.com

# કોણાર્કનું સૂર્ય મંદિર



રૂપિયા ૧૦ની ચલણી નોટ પર અંકિત કરાયેલું કોણાર્કનું સૂર્ય મંદિર , ભારતના ઑડિશા (ઓરિસ્સા) રાજ્યના પુરી જિલ્લાના પુરી શહેરમાં આવેલું છે. લાલ બલુઆ પત્થર તથા કાળા ગ્રેનાઈટ પત્થરવાળા આ મંદિરનું ઈ.સ.૧૨૩૬-૧૨૬૪માં ગંગ વંશના રાજા નૃસિંહદેવે નિર્માણ કરાવ્યું હતું. ભારતના જગપ્રસિધ્ધ સ્થળોમાંના એક આ મંદિરને યુનેસ્કો દ્વારા ૧૯૮૪માં વિશ્વ ધરોહર સ્થળ ઘોષિત કર્યું છે. કલિંગ શૈલીમાં નિર્મિત આ મંદિર સૂર્ય દેવના રથ રૂપમાં નિર્મિત છે. જેને પત્થર પર ઉત્કૃષ્ટ નક્શીકામથી ખૂબ સુંદર બનાવ્યું છે. સંપૂર્ણ મંદિર એક બાર જોડી ચક્રવાળા, સાત ઘોડા થી ખેંચાતા સૂર્ય દેવના રથના રૂપમાં બનાવ્યું છે. મંદિર પોતાની કામુક મુદ્રાવાળી શિલ્પાકૃતિઓ માટે પણ પ્રસિધ્ધ છે. અહીં સૂર્યને બિરંચિ-નારાયણ કહેતા હતાં.


પ્રવાસનામા
જયસ્વી પટેલ

● સૂર્ય મંદિરનું સ્થાપત્યઃ

સૂર્ય દેવના રથના રૂપમાં નિર્મિત આ મંદિરને પત્થર પર ઉત્કૃષ્ટ નક્શીકામથી ખૂબ સુંદર બનાવ્યું છે. આખું મંદિર બાર જોડી ચક્રવાળા, સાત ઘોડાથી ખેંચાતા સૂર્ય દેવના રથ રૂપમાં બનાવ્યું છે. મંદિરની સંરચના, જે સૂર્યના સાત ઘોડાથી દિવ્ય રથને ખેંચે છે. આ રથના પૈડાં, જે કોણાર્કની ઓળખ બન્યાં છે. મંદિરના આધાર ને સુંદરતા પ્રદાન કરતા બાર ચક્ર વર્ષના બાર મહિનાને દર્શાવે છે. જ્યારે દરેક ચક્ર આઠ આરાથી મળીને બન્યું છે, જે દિવસના આઠ પહોરને દર્શાવે છે.

મુખ્ય મંદિર ત્રણ મંડપમાં બનેલું છે. જેમાંથી બે મંડપ પડી ગયા છે. ત્રીજા મંડપમાં જ્યાં મૂર્તિ હતી ત્યાં અંગ્રેજોએ ભારતીય સ્વતંત્રતા પૂર્વે જ રેતી-પત્થર ભરાવી બધાં દ્વારને સ્થાયીરૂપે બંધ કરાવ્યાં હતાં, જેથી મંદિર વધુ ક્ષતિગ્રસ્ત ના થાય.

મંદિરમાં સૂર્યદેવની ૩ પ્રતિમા છેઃ (૧) બાલ્યાવસ્થા-ઉદિત સૂર્ય- ૮ ફીટ (૨) યુવાવસ્થા-મધ્યાહ્ન સૂર્ય- ૯.૫ ફીટ (૩) પ્રૌઢાવસ્થા-અસ્ત સૂર્ય- ૩.૫ ફીટ.

જેના પ્રવેશ પર બે સિંહ હાથી પર આક્રમક થતા દર્શાવ્યા છે. જે તત્કાલીન બ્રાહ્મણ રૂપી સિંહનું બૌધ્ધ રૂપી હાથી પર વર્ચસ્વનું પ્રતીક છે. બંને હાથી, એક-એક માનવ પર સ્થાપિત છે. આ પ્રતિમાઓ એક જ પત્થરમાંથી બનેલી છે. આ ૨૮ ટનની ૮.૪ ફીટ લાંબી, ૪.૯ ફીટ પહોળી તથા ૯.૨ ફીટ ઊંચી છે. મંદિરના દક્ષિણ ભાગમાં બે ઘોડા છે, જેમને ઑડિશા સરકારે પોતાના રાજચિહ્ન રૂપે અંગીકાર કર્યા છે, જે ૧૦ ફીટ લાંબા અને ૭ ફીટ પહોળા છે. મંદિરના પ્રવેશ દ્વાર પર નટ મંદિર છે. જ્યાં મંદિરની નર્તકીઓ સૂર્યદેવને અર્પણ કરવા નૃત્ય કરતી હતી. મંદિરમાં જ્યાં-ત્યાં ફૂલવેલ અને ભૌમિતીક નક્શીકામ જોવા મળે છે. સાથે જ માનવ, દેવ, ગંધર્વ, કિન્નર આદિની આકૃતિઓ પણ એન્દ્રિક મુદ્રામાં દર્શિત છે. જેમની મુદ્રાઓ કામુક અને કામસૂત્રથી લેવાઈ છે. મંદિર હવે આંશિક રૂપે ખંડેરમાં પરિવર્તિત છે. અહીંની શિલ્પ કળાકૃતિનો સંગ્રહ, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગના સૂર્ય મંદિર સંગ્રહાલયમાં સુરક્ષિત છે.

●૧૩મી સદીનું મુખ્ય સૂર્ય મંદિરઃ મહાન રથરૂપમાં બનેલું મંદિર છે. જે બાર જોડ઼ી સુસજ્જિત પૈડાંથી સાત ઘોડાથી ખેંચાય છે. મંદિરનું સ્થાપત્ય અદ્વિતીય સુંદરતા અને શિલ્પ કૃતિથી પરિપૂર્ણ છે. જે સહસ્ત્ર શિલ્પ આકૃતિઓ ભગવાન, દેવી-દેવતા, ગાંધર્વ, માનવી, વાદ્યક, પ્રેમી યુગલ, દરબારની છબી, શિકાર તથા યુધ્ધના ચિત્રો સભર છે. જેની વચ્ચે વચ્ચે પશુ-પક્ષી (બે હજાર હાથી, મુખ્ય મંદિરના આધારપટ પર વિહરતાં), પૌરાણિક જીવ, વેલ બૂટા તથા ભૌમિતીક નમૂના અલંકૃત છે. મંદિરમાં ઑડિયા શિલ્પકળાની ઉત્કૃષ્ટતાના દર્શન થાય છે.

● કામુક મુદ્રાની શિલ્પાકૃતિઃ

મંદિર પોતાની કામુક મુદ્રાવાળી શિલ્પાકૃતિઓ માટે પણ પ્રસિધ્ધ છે. આવી આકૃતિઓ મુખ્યતઃ દ્વારમંડપના દ્વિતીય સ્તર પર જોવા મળે છે. હજારો માનવ, પશુ તથા દિવ્ય લોકો આ જીવન રૂપી મેળામાં કાર્યરત દેખાય છે, જેમાં આકર્ષકરૂપે યથાર્થવાદનો સંગમ થયેલો છે. ઑડિશાની સર્વોત્તમ કૃતિ છે. ઉત્કૃષ્ટ શિલ્પકળા, નક્શા, પશુ તથા માનવ આકૃતિઓનું સટીક પ્રદર્શન અન્ય મંદિરોથી ઘણું બહેતર છે.

સૂર્ય મંદિર ભારતીય મંદિરની કલિંગ શૈલીનું છે, જેમાં કોણીય અટ્ટાલિકા પર મંડપની જેમ છત્રી ઢંકાયેલી છે. ૨૨૯ ફીટ ઊંચા મુખ્ય ગર્ભગૃહ ૧૨૮ ફીટ ઊંચી નાટ્યશાળા સાથે બનેલાં છે. જેમાં બહાર નીકળેલી અનેક આકૃતિ છે. મુખ્ય ગર્ભમાં પ્રધાન દેવતાનો વાસ હતો, કિંતુ તે ધ્વસ્ત થઈ ચૂક્યો છે. નટ મંદિર તથા ભોગ મંડપના અમુક જ ભાગ ધ્વસ્ત થયાં છે. મંદિર નું મુખ્ય પ્રાંગણ ૮૫૭ ફીટ ઠ ૫૪૦ ફીટનું છે. પૂર્વ – પશ્ચિમ દિશામાં નિર્મિત આ મંદિર પ્રાકૃતિક હરિયાળીથી ઘેરાયેલું છે. અહીં કેજુઅેરિના તથા અન્ય વૃક્ષ રોપેલ છે, જે રેતાળ ભૂમિ પર ઉગે છે.

●પૌરાણિક મહત્ત્વઃ આ મંદિર સૂર્યદેવ (અર્ક)ને સમર્પિત હતું, જેમને સ્થાનીય લોકો બિરંચિ-નારાયણ કહેતાં હતાં. આ જે ક્ષેત્રમાં સ્થિત હતું, તે અર્ક-ક્ષેત્ર કે પદ્મ-ક્ષેત્રના નામે જાણીતું હતું. પુરાણ અનુસાર, કૃષ્ણના પુત્ર સામ્બને તેમના શ્રાપથી કોઢ રોગ થયો હતો. સામ્બે મિત્રવનમાં ચંદ્રભાગા નદીના સાગર સંગમ પર કોણાર્કમાં, ૧૨ વર્ષ તપસ્યા કરી સૂર્ય દેવને પ્રસન્ન કર્યા. સૂર્યદેવ, જે બધાં રોગના નાશક હતા, તેમણે એના રોગનો નાશ કર્યો. તેમના સન્માનમાં સામ્બે એક મંદિર નિર્માણનો નિશ્ચય કર્યો હતો. પોતાના રોગના નાશ પછી ચંદ્રભાગા નદીમાં સ્નાન કરતી વખતે તેને સૂર્યદેવની મૂર્તિ મળી, જે સૂર્યદેવના શરીર ભાગથી, દેવશિલ્પી વિશ્વકર્માએ બનાવી હતી. સામ્બે પોતાના મિત્રવનના મંદિરમાં આ મૂર્તિ સ્થાપી ત્યારથી આ સ્થાન પવિત્ર મનાવા લાગ્યું..

■ sanjogpurti@gmail.com

# અપ્પુનાં ચશ્માં !



એક હતો અપ્પુ હાથી! શરીર તો પહાડ જેવું મોટું, પણ આંખો સાવ ચણા જેવી નાની-નાની! એમને ઝાંખું-ઝાંખું દેખાય, એટલે નાક પર મોટાં ચશ્માં પહેરે. ચશ્માં પહેરીને અપ્પુ એકદમ સ્માર્ટ હીરો જેવો લાગે!

એક સવારે સૂરજદાદા ઊગ્યા. અપ્પુ જાગ્યો અને ચશ્માં શોધવા લાગ્યો. પણ ચશ્માં મળે જ નહીં! એણે આમ જોયું, તેમ જોયું, ઉપર જોયું, નીચે જોયું, આગળ જોયું, પાછળ જોયું. પણ ચશ્માં ન મળ્યાં તે ન જ મળ્યાં!

ઘડીભર અપ્પુ ગભરાઈ ગયો - "બાપ રે બાપ! મારા ચશ્માં ક્યાં ગયાં હશે?"

એ તો ચશ્માં વગર આંખો ઝીણી કરીને જંગલમાં ભાગ્યો - "ધમ-ધમ-ધમ... ધમાક!"


રે વાર્તા!
મનીષ સુથાર

રસ્તામાં એક મોટો કાળો પથ્થર પડ્યો હતો. અપ્પુ ચશ્માં વગર એને જંગલના ભાલુજી સમજી બેઠો! એ તો પથ્થર પાસે જઈને બોલ્યો, "ઓ ભાલુજી, નમસ્તે! તમે મારાં ચશ્માં જોયાં છે? આ જુઓને, ચશ્માં વગર મને બધુંય ઝાંખું ઝાંખું દેખાય છે!"

પણ પથ્થર થોડો કંઈ બોલે! અપ્પુ આગળ ચાલ્યો. ત્યાં સામે એક સૂકો વાંસનો થાંભલો હતો. અપ્પુ એને જિરાફ સમજીને બોલ્યો, "ઓ જિરાફભાઈ! જરા ઊંચા થઈને જુઓ ને, ક્યાંક મારાં ચશ્માં કોઈ ઝાડ પર તો નથી ને?"

અપ્પુને જોઈને ઝાડ પર બેઠેલા વાંદરાભાઈ પેટ પકડીને હસવા લાગ્યા - "હા... હા... હા...! અરે અપ્પુ, આ તો વાંસ છે, જિરાફ નથી!"

એટલામાં નીચેથી કીડીબેન એમની નાની સાઈકલ લઈને આવ્યાં. કીડીબેને અપ્પુ સામે જોયું અને એ પણ ખિલખિલાટ હસી પડ્યાં - "હી... હી... હી...! અપ્પુભાઈ, તમે પણ ગજબ કરો છો હોં!"

અપ્પુ તો શરમાઈ ગયો અને બોલ્યો, "પણ તમે બધાં હસો છો કેમ એ તો કહો? મને તો કંઈ દેખાતું નથી!"

કીડીબેન બોલ્યાં, "અપ્પુભાઈ! જરા તમારા પંખા જેવા મોટા કાન પટપટાવો તો ખબર પડે!"

અપ્પુએ જેવા કાન હલાવ્યા— "સૂં... સૂં... પટ... પટ... ધડામ!"

ત્યાં તો કાન પાછળ ભરાયેલાં ચશ્માં સરીને સીધાં એની સૂંઢ પર આવીને અટકી ગયાં!

અપ્પુએ ચશ્માં આંખ પર ચડાવ્યાં અને શરમાઈને બોલ્યો, "અરે વાહ! ચશ્માં તો મારા કાન પાછળ જ હતાં! અને મેં તો એને શોધવા આખુંય જંગલ ગાંડું કર્યું!" બધાં પ્રાણીઓએ તાળી પાડી અને અપ્પુના ભૂલકણા સ્વભાવ પર હસી પડ્યાં! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# બગસરામાં હર ઘર તિરંગા યાત્રાના આયોજનને લઈ ભાજપની બેઠક યોજાઈ




અમરેલી,તા.૧૧

આગામી ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે 'હર ઘર તિરંગા' અભિયાનને જન-જન સુધી પહોંચાડવા તેમજ રાષ્ટ્રધ્વજના સન્માન અને ગૌરવ સાથે બગસરા શહેરના મુખ્ય માર્ગો પર ભવ્ય તિરંગા યાત્રા યોજવાની તૈયારીઓના ભાગરૂપે બગસરા નગરપાલિકાના સભાખંડ ખાતે શહેર ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ કારીયા તથા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ એ.વી. રીબડીયાએ તિરંગા યાત્રાના સુચારુ આયોજન અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યુ હતુ. આ પ્રસંગે બગસરા શહેરના નવનિયુક્ત હોદ્દેદારોનું શહેર ભાજપ ટીમ અને નગરપાલિકા ટીમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતુ. બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી, મહામંત્રી હિરેનભાઈ ચૌહાણ, પ્રવીણભાઈ બોરડ, નગરપાલિકા પ્રમુખ નીરવભાઈ ગોંડલીયા સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શીતલ આઈસ્ક્રીમ સહિતની સંસ્થાઓ દ્વારા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન

**શીતલ ફૂડ પ્રોડક્ટ્સ, DJBS ફાઉન્ડેશન સહિતની સંસ્થાઓ દ્વારા ૧૫ ઓગસ્ટે રક્તદાન કેમ્પ યોજાશે**

અમરેલી,તા.૧૧

અમરેલીમાં સ્વાતંત્ર્ય દિવસના પાવન અવસરે સમાજસેવા અને માનવતાનો મહાન સંદેશો સાકાર કરવા માટે શીતલ ફૂડ પ્રોડક્ટ્સ લિમિટેડ, DJBS Foundation શીતલ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી, અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તથા મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં શહેર તથા આસપાસના વિસ્તારના યુવાનો, વેપારીઓ, ઉદ્યોગકારો, કર્મચારીઓ, સામાજિક કાર્યકરો તેમજ રક્તદાતાઓને મોટી સંખ્યામાં જોડાવવા અપીલ કરવામાં આવી છે.રક્તદાન માત્ર એક સામાજિક સેવા નથી, પરંતુ કોઈ અજાણ્યા જરૂરિયાતમંદ વ્યક્તિને જીવનદાન આપવાનું પવિત્ર કાર્ય છે. અકસ્માતના દર્દીઓ, પ્રસૂતિ દરમિયાન રક્તની જરૂરિયાત ધરાવતી માતાઓ, થેલેસેમિયા સહિતની વિવિધ બીમારીઓથી પીડાતા દર્દીઓ તેમજ અન્ય ગંભીર પરિસ્થિતિમાં રહેલા દર્દીઓ માટે રક્ત અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે.એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું રક્તદાન અનેક લોકો માટે આશાનું કિરણ બની શકે છે. આપેલું રક્ત કોઈ પરિવારની ખુશી પરત લાવી શકે છે અને અમૂલ્ય જીવન બચાવી શકે છે. તેથી આ માનવતાભર્યા અભિયાનને સફળ બનાવવા માટે સૌને ઉત્સાહપૂર્વક જોડાઈ રક્તદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલી શહેર યુવા મોરચાના હોદ્દેદારોએ શુભેચ્છા મુલાકાત લીધી

અમરેલી,તા.૧૧

અમરેલી શહેર યુવા મોરચાના નવનિયુક્ત હોદ્દેદારોની નિમણૂક થતાં નવનિયુક્ત પ્રમુખ આકાશ જોશી તથા મહામંત્રી સ્મિત લાખાણી અને આશિષ કોટેચાએ રાજ્ય સરકારના મંત્રી અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, મહામંત્રીઓ રાજુભાઈ ભૂતૈયા, ચેતનભાઈ શિયાળ તથા મયુરભાઈ માંજરીયા, ઉપપ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા તથા ધર્મેન્દ્રગિરિ ગોસ્વામી, જિલ્લા મંત્રી બ્રિજેશભાઈ કુરુન્દલે અને જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ ધાનાણી સહિતના આગેવાનોની પણ શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.

**જાફરાબાદના લુણસાપુર ખાતે અધિકારીઓની હાજરીમાં**

# વિશ્વ સિંહ દિવસ નિમિત્તે ઈન્ડો એશિયા કોપર લિમિટેડ ખાતે સિંહ જાગૃતિ કાર્યક્રમ યોજાયો





જાફરાબાદ,તા.૧૧

વિશ્વ સિંહ દિવસ નિમિત્તે લુણસાપુર ખાતે આવેલી ઈન્ડો એશિયા કોપર લિમિટેડ દ્વારા પ્રોજેક્ટ સાઈટ પર સિંહ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગીર વિસ્તારમાં વસતા એશિયાટિક સિંહોના સંરક્ષણ, વન્યજીવ સુરક્ષા, કુદરતી આવાસના જતન તેમજ માનવ-વન્યજીવ સહઅસ્તિત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ગુજરાત વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા જાગૃતિ સત્ર યોજાયું હતું. જેમાં સિંહ સંરક્ષણ, વન્યજીવો સાથે સુરક્ષિત અને જવાબદાર સહઅસ્તિત્વ તથા કુદરતી આવાસના જતન અંગે મહત્વપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જાફરાબાદ રેન્જ ફોરેસ્ટ અધિકારી જિજ્ઞાસાબેન શેતરાણીયા, ફોરેસ્ટર એમ. એ. ડોડીયા, બીટ ગાર્ડ એ. કે. ચૌહાણ તેમજ કંપનીના ડિરેક્ટર હરેશ વોરા સહિત અધિકારીઓ, કર્મચારીઓ અને શ્રમિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. IACL દ્વારા પર્યાવરણ અને જૈવવિવિધતા સંરક્ષણ માટે સતત પ્રયત્નો કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# લીલીયા મોટા ફાટક નં. ૪૧-C પર ટેકનિકલ ખામીને કારણે લોકો પરેશાન



લીલીયા,તા.૧૧

લીલીયા મોટા ખાતે આવેલ રેલ્વે ફાટક નં. ૪૧-C પર અવારનવાર ટેકનિકલ ખામી સર્જાતા સ્થાનિક લોકો અને વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે. ફાટક બંધ થયા બાદ સમયસર ખુલતો ન હોવાથી લાંબો ટ્રાફિક જામ સર્જાય છે. આ રસ્તા પરથી મફત પ્લોટ, સાઈનાથ પ્લોટ અને વેલનાથ પ્લોટ સહિતના વિસ્તારોમાં લોકો અવરજવર કરે છે. તેમજ નજીકમાં સિવિલ હોસ્પિટલ આવેલ હોવાથી દર્દીઓ અને એમ્બ્યુલન્સ પણ ટ્રાફિકમાં ફસાઈ જાય છે. ગંભીર દર્દીઓને સમયસર સારવાર મળવામાં વિલંબ થવાની શક્યતા રહે છે. આ અંગે રેલવે વિભાગને યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

**ટ્રાફિકજામથી દર્દીઓ અને વાહનચાલકોને ભારે હાલાકી**

# અમદાવાદ ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે કિસાન મોરચાની પ્રદેશ સંગઠન બેઠક યોજાઈ




અમરેલી,તા.૧૧

અમદાવાદ ખાતે ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાજપ કિસાન મોરચાની પ્રદેશ સંગઠન બેઠક યોજાઈ હતી. બેઠક કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ હિરેન હિરપરાની આગેવાનીમાં અને પ્રદેશ ઉપાધ્યક્ષ તથા કિસાન મોરચાના પ્રદેશ વાલી ભરત પંડ્યાના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. બેઠકમાં પીએમ કિસાન સન્માન નિધિ યોજના વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ સુધી ચાલુ રાખવાના કેન્દ્ર સરકારના નિર્ણય બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવાયા હતા. ગુજરાતમાં ટુકડા ધારામાં ખેડૂત હિતકારી સુધારા કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય સરકારને પણ અભિનંદન અપાયા હતા. કિસાન મોરચાની સંગઠનાત્મક પ્રવૃતિઓ અને આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સરકારની ખેડૂતલક્ષી યોજનાઓની માહિતી દરેક ગામ અને ખેડૂત સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને માર્ગદર્શન અપાયું હતું.

# ડોળાસામાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા, રૂ.૧.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત


તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર,તા.૧૧

કોડીનાર તાલુકાના ડોળાસા ગામના ઉનિરા વાડી વિસ્તારમાં જાહેર જગ્યાએ જુગાર રમતા છ શખ્સોને LCBની ટીમે ઝડપી પાડ્યા હતા. પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ LCBના અધિકારીઓએ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસે જીજ્ઞેશ ઉર્ફે ભરુ પ્રકાશભાઈ દેવમુરારી, ગોવિંદભાઈ ડોડીયા, ચંપકભાઈ જાની, ઓવેશ ઉર્ફે અકરમ પાણાવઢુ, રજાકમીયા ઉર્ફે રજલી બાહરૂની અને અબ્દુલભાઈ દયાતરને ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી રોકડ રૂ.૬૫,૭૦૦ તથા ચાર મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧,૩૪,૨૦૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો.


# ૧૦૧૮ દીકરીઓ સાથે કોડીનારમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરાઈ


તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર,તા.૧૧

કોડીનાર નગર પાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાની ૧૦૧૮ દીકરીઓ અને સમગ્ર સ્ટાફ દ્વારા શાળાથી નાલંદા સ્કૂલ સુધી રેલી યોજી લોકોને સિંહના મહત્વ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નગર પાલિકા ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ પરમાર, ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ, પ્રકૃતિ નેચર ક્લબના જીગ્નેશભાઈ ગોહિલ, આચાર્ય નિમુબેન ચાવડા સહિત સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# બગસરાના હડાળા ગામે અજગરનું રેસક્યુ કરાયું



બગસરા,તા.૧૧

બગસરાના હડાળા ગામમાં સુધીરભાઈ બોરડની વાડીમાં લગાવેલી સોલાર પેનલ નજીક મહાકાય અજગર જોવા મળતા અફરાતફરી મચી હતી.

વાડીમાં કામ કરતા યુવા ખેડૂત સુધીરભાઈ બોરડની નજર અજગર પર પડતા તેમણે તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. જાણ થતાં વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને કોઈ જાનહાની થાય તે પહેલા મહાકાય અજગરને પકડી લીધો હતો. બાદમાં અજગરને વન વિભાગની સુરક્ષિત હદમાં છોડી દેવામાં આવ્યો હતો.

## ખુલાસો

રવિવારના રોજ અમરેલી જિલ્લા જેલમાં કાચા કામના કેદીને સર્પદંશ થતા તેનું અપમૃત્યુ થયુ હોવાના સમાચાર શરતચૂકથી છપાયેલા હતા.સર્પદંશ બાદ કેદીને જેલ સત્તાવાળાઓએ સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો જયાં તેમની તબિયત ભયમુકત થતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

# લાઠીના મંદિરે ઘાટલિયા પરિવારે ઝર્મન સિલ્વરની ધાર્મિક સામગ્રી અર્પણ કરી



લાઠી,તા.૧૧

લાઠી શહેરમાં બીરાજમાન પૌરાણિક અને આસ્થાના પ્રતિક ભીડભંજન મહાદેવ મંદિર ખાતે ઘાટલિયા પરિવારે ધાર્મિક સામગ્રી અર્પણ કરી હતી.

લાઠીમાં વસવાટ કરતા સ્વ. પ્રજાપતિ ભીમાભાઈ ટુપાભાઈ ઘાટલિયા પરિવારને ભીડભંજન મહાદેવ પ્રત્યે વર્ષોથી અતૂટ શ્રધ્ધા અને વિશ્વાસ રહ્યો છે. પરિવાર દ્વારા અગાઉ દાદાના શિવલિંગ માટે ચાંદી તથા ઝર્મન સિલ્વર ધાતુનું છત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પરંપરાને આગળ ધપાવતા પરિવારના દીકરા-દીકરીઓ દ્વારા આજે ભીડભંજન મહાદેવના ચરણોમાં ઝર્મન સિલ્વર ધાતુથી તૈયાર કરાયેલા પંચસર્પ નાગદેવતા, ત્રિશૂળ, જલધારી, મહાઆરતી દીવેલિયું, પંચાક્ષર મંત્ર, બે ગજર તેમજ મંદિરની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા અર્પણ કરવામાં આવ્યા હતા.

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.: ૨૭૦/૨૦૨૬
જન્મ તારીખ: ૦૩/૦૬/૧૯૮૬

કુલશન કરીમભાઈ કુરેશી
રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

........ અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત વેલણ**, તા.કોડીનાર કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કુલશન કરીમભાઈ કુરેશી, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કરીમ મુસા કુરેશી તથા કુલશન કરીમ કુરેશી ના પુત્રી **આયશુબેન કરીમ કુરેશીનો જન્મ તારીખ ૦૩/૦૬/૧૯૮૬** ના રોજ કોડીનાર તાલુકાના **વેલણ** મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **દિન-૩૦માં** કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૪/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## ઊનાના મ્હે. શ્રી ફેમિલી જજ ટી.જે.દેવડા સાહેબની કોર્ટમાં, મુ. ઊના

ફેમિલી સ્યુટ નં.: ૪૨/૨૦૨૫
મુ.તા.: ૦૮/૦૯/૨૦૨૬

કાંતીભાઈ લાલજીભાઈ વેકરીયા
રહે. નીતલી, તા. ગીર ગઢડા, જી. ગીર સોમનાથ ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

નીલમબેન કાંતીભાઈ વેકરીયા ડો/ઓ મધુભાઈ રામજીભાઈ કોલડીયા
રહે. દાજીયા, તા. સાવરકુંડલા, જી. અમરેલી હાલ રહે. દીપકભાઈ સાથે કાલાઘોડા,
ઘર નં. ૫૫, સહજાનંદ સોસાયટી, વડોદરા .....સામાવાળા
અરજદારના વિધ્વાન વકીલ શ્રી એન.આર.કીડેચા

બાબત – હિન્દુ મેરેજ એકટની કલમ-૯ અન્વયે લગ્ન હકકોના પુનઃસ્થાપન કરવા અંગેનો દાવો.

જાહેર નોટીશ

આથી તમો ઉપર લખ્યા સામાવાળાને આ જાહેર નોટીશ થી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે ફેમિલી સ્યુટ નં. ૪૨/૨૦૨૫થી ઊનાના નામદાર ફેમિલી સાહેબશ્રીની કોર્ટ, ઊના મુકામે હિન્દુ મેરેજ એકટની કલમ-૯ અન્વયે લગ્ન હકકોના પુનઃસ્થાપન કરવા અંગેનો દાવો દાખલ કરેલ છે. તેમજ સદર કેસની મુદત તારીખ – ૦૮/૦૯/૨૦૨૬ ના રોજની મુકરર કરવામાં આવેલ છે. સદર કામે તમો સામાવાળા હાજર થયેલ નથી. સદર જાહેર નોટીશની તાકીદે નોંધ લઈ અત્રેની કોર્ટમાં તા. ૦૮/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે જાતે અથવા પ્લીડર મારફત હાજર રહેવુ જો તેમ કરવામાં તમો કસુર કરશો તો આગળની કાયદાનિર્દિષ્ટ કાર્યવાહી કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તા. ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

સહી
તૈયાર કરનાર
(વિ.યુ.સોલંકી)
આસિસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

સહી
તપાસનાર
(જે.એલ.પંડયા)
હેડ કલાર્ક/નાઝીર

સહી
હુકમથી
(જે.એલ.પંડયા)
હેડ કલાર્ક/નાઝીર,
ફેમિલી કોર્ટ, ઊના

# હળવા વરસાદમાં પણ રાજ્યમાં જળબંબાકારની સ્થિતિ, ૧૩ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર

અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં ચોમાસાની ઋતુ જામતા જ રાજ્યના ૭૬ તાલુકાઓમાં વરસાદી માહોલ સર્જાયો છે. અમદાવાદ અને ગાંધીનગરમાં સવારના સમયે પડેલા સામાન્ય વરસાદે જ તંત્રની કામગીરીની પોલ ખોલી નાખી છે. અતિભારે વરસાદની આશંકાને પગલે હવામાન વિભાગે ૧૩ જિલ્લામાં ઓરેન્જ



એલર્ટ અને ૧૮ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

અમદાવાદમાં બે કલાકમાં એક ઈંચ વરસાદ પડતા જ નિકોલ, ઓઢવ અને સરસપુરના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા. એસ.જી. હાઈવે પર હાઈકોર્ટ ઓવરબ્રિજ પાસે મોટો ભૂવો પડતા વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. ઓછી વિઝિબિલિટીના કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ ૧૩ ઓગસ્ટ સુધી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ રહેશે. ૧૪ ઓગસ્ટ પછી બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ બનતા ૧૭થી ૨૩ ઓગસ્ટ સુધી ફરી વરસાદ વધશે. સપ્ટેમ્બરમાં પૂર્વ ફાલ્ગુની નક્ષત્ર બેસતા રાજ્યમાં ભારે વરસાદની શક્યતા છે.

# શહેરોમાં જળભરાવ અને તૂટી જતા ડામર રોડને લઈ સીએમ ભુપેન્દ્ર પટેલે ચિંતા વ્યકત કરી

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આયોજિત ચેક વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વરસાદ બાદ શહેરોમાં સર્જાતી જળભરાવ અને ભૂવાની સમસ્યા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે વરસાદની બદલાતી પેટર્ન અને શહેરોના વિસ્તરણને ધ્યાનમાં રાખીને



ડ્રેનેજ તેમજ પાણીના નિકાલની માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવો જરૂરી છે. ભૂવા પડવાની સમસ્યા માટે ટેકનોલોજી આધારિત મોનિટરિંગ, ભૂગર્ભ લાઈનોની જાળવણી અને આગોતરા આયોજન પર તેમણે ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે કડક શબ્દોમાં સ્પષ્ટ કર્યું કે શહેરોમાં સ્વચ્છતા નહીં જળવાય તો નવી ગ્રાન્ટ બંધ કરવામાં આવશે. દર વર્ષે તૂટી જતા ડામરના રસ્તાઓને બદલે વધુ ટકાઉપણા માટે શક્ય હોય ત્યાં સિમેન્ટ કોંક્રીટના રસ્તા બનાવવાની તેમણે સૂચના આપી હતી.

# વટવામાંથી રૂ.૫.૯૮ લાખના એમડી ડ્રગ્સ સાથે મધ્ય પ્રદેશનો પેડલર ઝડપાયો

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ ક્રાઈમ બ્રાંચની એસઓજી ટીમે વટવા વિસ્તારમાંથી મધ્ય પ્રદેશના પેડલર શકીલખાન પઠાણને ૧૯૯.૪૫ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે ડ્રગ્સ અને અન્ય સામગ્રી મળીને કુલ રૂ.૬.૦૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછમાં ખુલાસો થયો છે કે મધ્ય પ્રદેશના મંદસૌરના રહેવાસી ઈમરાન અફઝલખાન પઠાણે આ જથ્થો અમદાવાદમાં ડિલિવરી કરવા માટે આપ્યો હતો. આ કામ માટે શકીલખાનને રૂ.૫ હજાર કમિશન મળવાનું નક્કી થયું હતું. પોલીસે આરોપીનો મોબાઈલ કબ્જે કરી ઈમરાન સાથેની કોલ ડિટેલ્સના આધારે તપાસ તેજ કરી છે. હાલ પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધીને ફરાર ઈમરાન અને ડ્રગ્સ મંગાવનાર વ્યક્તિની શોધખોળ હાથ ધરી છે.

# રાજ્ય સરકાર દ્વારા વિકાસને વેગ આપવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે ૩૮૫૦ કરોડની ગ્રાન્ટ

**૧૫૨ નગરપાલિકાઓના વિકાસ માટે ૮૪૬ કરોડ ફાળવવામાં આવ્યા**

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત સરકારે શહેરી વિસ્તારોના વિકાસને વેગ આપવા માટે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને કુલ ૩૮૫૦ કરોડની ગ્રાન્ટ આપવાની જાહેરાત




કરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનાર કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ રકમનો ચેક અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈ અને રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહેશે.સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ માળખાકીય સુવિધાઓ માટે ૩૨૪૦ કરોડ ફાળવાયા છે. ૧૭ મહાનગરપાલિકાઓને ૨૯૬૨ કરોડ મળશે, જેમાં અમદાવાદને ૮૭૦ કરોડ, સુરતને ૭૭૦ કરોડ, વડોદરાને ૨૮૫ કરોડ અને રાજકોટને ૨૩૨ કરોડ અપાશે. ગાંધીધામ, વાપી અને મોરબી સહિતના કેન્દ્રોને ૪૫-૪૫ કરોડ મળશે. રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓના વિકાસ માટે ૮૪૬ કરોડ ફાળવવામાં આવ્યા છે.

# મહીસાગરમાં ભારે વરસાદથી ૪ ગામ સંપર્ક વિહોણાં, ૨૮ લોકોનું રેસ્ક્યુ કરાયું

મહીસાગર,તા.૧૧

મહીસાગર જિલ્લામાં ધોધમાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. સુવા ગામના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળતાં ગામ સંપર્ક વિહોણું બન્યું છે. વહીવટી તંત્રે નાયક ફળિયામાંથી ૨૮ લોકોને સુરક્ષિત રેસ્ક્યુ કર્યા છે, જ્યારે વડોદરાથી આવેલા ૧૦૦ જેટલા ફસાયેલા લોકોને બહાર કાઢવા કામગીરી શરૂ કરી છે. સુવા ઉપરાંત વાવીયાના મુવાડા, સાત તલાવ અને



રામવાટા ગામો પણ પ્રભાવિત થતાં ૮૦૦ લોકોની અવરજવર અટકી છે. હવામાન વિભાગે આગામી બે દિવસ મહીસાગર, પંચમહાલ અને દાહોદ માટે અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરીને તંત્રને સતર્ક કર્યું છે.

# રાજયમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસ ૨૨૫ને પાર, ૨૫ બાળકોના મોત

અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં નાના બાળકો માટે ઘાતક સાબિત થઈ રહેલો ચાંદીપુરા વાયરસ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના ૨૨૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩૯ કેસ પોઝિટિવ આવ્યા છે. વાયરસના કારણે ૨૫ માસૂમ બાળકોના મોત નિપજતા



સમગ્ર આરોગ્ય તંત્ર હાઈ એલર્ટ પર મુકાયું છે.

મહીસાગરના કડાણા તાલુકાની ૭ વર્ષીય બાળકીનું વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થતાં જિલ્લામાં ફફડાટ વ્યાપ્યો છે. રેતી માખીથી ફેલાતો આ વાયરસ ૧૫ વર્ષથી નાની વયના બાળકોને નિશાન બનાવે છે. તીવ્ર તાવ, ઉલટી અને આંચકી આવવી તેના મુખ્ય લક્ષણો છે. લક્ષણો દેખાતા જ તુરંત સરકારી હોસ્પિટલમાં સારવાર લેવા આરોગ્ય વિભાગે અપીલ કરી છે.

# અમદાવાદ એરપોર્ટ પર ૮ મુસાફરો પાસેથી રૂા.૧.૧૪ કરોડનું સોનુ જપ્ત

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગ અને એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા સોનાની દાણચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. અબુધાબીથી આવેલા આઠ મુસાફરો પાસેથી રૂ.૧.૧૪ કરોડની કિંમતનું ૭૭૦.૩૩ ગ્રામ ૨૪ કેરેટ સોનું જપ્ત કરાયું હતું.

પૂછપરછમાં માસ્ટરમાઈન્ડ મહેસાણાના ટ્રાવેલ એજન્ટ પંકજ પટેલનું નામ સામે આવતાં તેની ધરપકડ કરવામાં આવી છે.

# સુરતના કાપડ ઉદ્યોગને 'હર ઘર તિરંગા'થી ૩૦૦ કરોડનો વેપાર

સુરત,તા.૧૧

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગે ૩૦૦ કરોડ રૂપિયાથી વધુનો રેકોર્ડબ્રેક વેપાર કર્યો છે. દેશના ૨૮ રાજ્યોમાંથી સુરતના ૨૦ જેટલા ઉત્પાદકોને રાષ્ટ્રીયધ્વજના વિશાળ ઓર્ડર મળ્યા છે. આ વર્ષે પશ્ચિમ બંગાળ તરફથી સુરતને ૧ કરોડથી પણ વધુ




તિરંગા બનાવવાનો ઐતિહાસિક ઓર્ડર મળ્યો છે. નાના કદથી લઈને ૨૦ x ૩૦ ફૂટ સુધીના પ્રીમિયમ ક્વોલિટીના તિરંગા બનાવી સુરતે નવી ઊંચાઈ સર કરી છે.

